
# ઋષિ ચિંતન

વિચારોમાં અસાધારણ સામર્થ્ય હોય છે. સદ્વિચારોના માધ્યમથી મહામાનવ આખી માનવ જાતનું માર્ગદર્શન કરવામાં સફળ રહ્યા છે. સમયે સમયે આવા મનીષી સમાજમાં જન્મ લેતા રહે છે, જેની ચિંતન ચેતના જનમાનસને ઝટકો ધક્કો મારે છે અને એમનો કાયાકલ્પ કરી દે છે. આ એ થાપણ છે, જેના આધારે તત્કાલીન સમાજના સાંસ્કૃતિ ઉત્થાનનું નવાં મૂલ્યાંકનનું નિર્ધારણ કરી શકાય છે.






અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર http://awgp.org

## અંધકારને દીપકનો પડકાર !

અંધકારને પોતાની તાકાત-શકિત છે. એને અનુકૂળ એવી રાત આવે છે, ત્યારે જણાય છે કે સઘળો સંસાર તેણે પોતાના પાલવમાં લપેટી લીધો છે. એનો પ્રભાવ, પુરુષાર્થ જોવા જેવો છે. આંખો પોતાની જગ્યાએ અને વસ્તુઓ પણ એની જગ્યાએ જ ગોઠવાયેલી હોવા છતાં જોવા જેવી મશ્કરી એ છે કે હાથને હાથ દેખાતો નથી તેમજ પગની નજીક રહેલી વસ્તુઓ સાથે ઠોકર ખાવાના સંજોગો બને છે.

અંધકાર ભયંકર હોય છે. એને કારણે એકાકીપણાની અનુભૂતિ થાય છે, દોરડીનો સાપ, ઝાડી-ઝાંખરાંનું ભૂત બનીને સામે આવી જાય છે. ખરેખર ! ઊંઘને ધન્યવાદ આપવો જોઇએ કે, તેને લીધે વિસ્મૃતિ ઉત્પન્ન થાય છે, નહીં તો જાગવાથી પાસાં ઘસી ઘસીને તે સમય પર્વત જેટલો ભારે પડત !

આટલી બધી ભયંકરતાની સત્તાનો સ્વીકાર કરવા છતાંય પણ દીપકનાં વખાણ કરવા પડે છે. કેમ કે, જ્યારે તે પોતાની નાની સરખી જ્યોત પ્રજ્વલિત કરે છે ત્યારે સ્થિતિમાં કાયાકલ્પ જેવું પરિવર્તન થઈ જાય છે. એનો ઝાંખો પ્રકાશ પણ નજીકની પરિસ્થિતિ તથા વસ્તુઓ વ્યવસ્થાની જાણકારી કરાવી દે છે. આમ જાણકારીની અડધી સમસ્યા ઊકલી જાય છે.

ભલે દીપક નાનો છે – નજીવી કિંમતનો છે, પરંતુ તે પ્રકાશનો જ અંશ હોવાને કારણે પડકાર ઝીલે છે અને નિરાશાના વાતાવરણને આશા તેમજ ઉત્સાહથી ભરે દે છે. આને કહેવાય છે – નેતૃત્વ !

## જે ગળશે, તે ઉગશે.

વિકાસ અને પતનની બાબતમાં જીવાત્માની સરખામણી બીજ સાથે કરી શકાય છે. બીજ ની ત્રણ જ ગતિ હોય છે. પહેલી એ કે તે ગળતા એટલે કે નિષ્ફળ થતાં શીખે અને વિકસિત બને. છોડ ના રૂપમાં જાતે બદલાઈ ને વિધાતા ની "એકોડહં બહુસ્યામિ"ઘોષણા મુજબ અનેક બીજને જન્મ આપે બીજી ગતિ એ છે કે તે દળાઈ ને લોટ બની જાય,

ખોરાક ના રૂપમાં જીવધારિયોના ઉપયોગમાં આવે અને છેવટે મળ બનીને ઉપેક્ષિત ખાતર બની જાય. ત્રીજી ગતિ એ છે કે, તે બીકણ સ્વાર્થી બનીને હરહમેશ પોતાને બચાવવાની વાત વિચારતું રહે અને છેવટે સડીને નાશ પામે.

આજ રીતે મનુષ્યની પણ ત્રણ ગતિ ઓ હોય છે. ગળી જઈ પરમાર્થ કાર્યોમાં જોડાઈ અનેક ની મદદમાં આવે, જાતે યશસ્વી જીવન જીવે અને અનેકોને તે ઉંચા ઉઠાવે. બીજી ગતિ છે પોતાના શરીર અને કુટુંબ ના વર્તુળમાં જ જોડાઈ જઈ, પેટ-પ્રજનનની જ સમસ્યાઓની પૂર્તિ માં વ્યસ્ત રહે, જાનવર જેવી જીંદગી વિતાવે અને ધૃણાસ્પદ સ્થિતિને પ્રાપ્ત કરે. ત્રીજી ગતિ છે – સંકુચિતતા અને સ્વાર્થ પરાયણતા કે જેનાથી ન તો સ્વાર્થ સિદ્ધ થાય છે કે ન પરમાર્થ, આવી કંજૂસ, ખૂબ જ સ્વાર્થ બુધ્ધિવાળી વ્યક્તિઓ છેવટે હીન યોનિ ને પ્રાપ્ત કરે છે.

માનવ જીવનની સાર્થકતા મળેલ ક્ષમતાની પ્રસંશા ત્યારે છે, જ્યારે તે પ્રથમ ગતિ ને પસંદ કરી દેવ માનવ બનવાનો પ્રયાસ કરે. ગળી ને ફાલે ફૂલે અને અનેક ને સન્માર્ગ તરફ ચાલતા કરે. ત્રણેય રસ્તા ખુલ્લા છે. જેને જે પસંદ કરે તેને તે સ્વીકારીને પોતાની ગતિ પ્રાપ્ત કરી શકે છે. હરહમેશ દરરોજના વ્યવહારમાં આ જ આપણે જોઇએ છીએ.

### બંધનમુક્તિનો રાજમાર્ગ :

સંદેહ, ભ્રમ, મોહની વિપુલતા કારણે આ સંસારને માયા કહેવામાં આવે છે. જે જેવું છે તેવું તે જણાતું નથી. અહીં દરેક પ્રસંગમાં કબીરજીની ઉલટવાસિયોની વિપુલતા છે. સમસ્યાઓ ઉકેલનારની જેમ દરેક વાત ઉપર વિચારવું પડે છે. એ બધા ગોરખધંધા બુદ્ધિ પર અસાધારણ જોર કર્યા સિવાય સમજી શકતા નથી. આ જાદૂઈ ઇમારતમાં ભુલભુલામણી જ ભરેલ છે. આંખ-મિંચામણીની રમત કોઈ જાદુગર અહીં રમતો-રમાડતો રહ્યો છે. આ પરિસ્થિતિઓને ભાગ્યની મશ્કરી, વિધાતાની ઠગાઈ પણ કહી શકાય, પરંતુ ગંભીરતાપૂર્વક વિચારતા જણાય આવે છે કે, મનુષ્યની બુદ્ધિમત્તા પારખવા માટે એ હોશિયાર ચિત્રકારે ડગલે અને પગલે કસોટીઓ ગોઠવી દીધેલી છે

જેમાંથી પસાર થવા વાળાના સ્તરનું માપ નીકળતું રહે. લાગે છે કે ઈશ્વરે પોતાના યુવરાજ માટે ક્રમશઃ વધારેને વધારે અનુદાન આપવાની વ્યવસ્થા બનાવેલી છે અને યોગ્ય અધિકારીને યોગ્ય જવાબદારીઓ સોંપતા જવાની યોજના બનાવેલી છે. દૂરદર્શી અને અદૂરદર્શી ની જાણકારી આ સમસ્યાને ઉકેલી કે ન ઉકેલી શકવાથી જાણી શકાય છે, સાચો સ્વાર્થી, કોણ છે અને કોણ નથી તે જણાય આવે છે. બાધક માત્ર એકજ ઠગાઈ હોય છે કે, સામે આવેલો આકર્ષણોમાં આ ચંચળ મન એટલું બધું ઓતપ્રોત બની જાય છે કે, બુદ્ધિને તેની પૂરી કસોટી કરવાની તકનો પ્રસંગ જ પ્રાપ્ત થતો નથી. ભાથામાંથી તીર નીકળી ગયા પછી જ ખબર પડે છે કે નિશાન જ્યાં લાગવું જોઇએ ત્યાં ન લાગતા બીજે ચાલ્યું ગયું છે. સફળતા અને અસફલતાનું નિર્ધારણ અહીં જ થઈ જાય છે. વ્યવહાર બુદ્ધિનો સાથ લેનાર દૂરદર્શી આ કસોટીમાંથી પાર ઊતરે છે અને માયાપ્રપંચથી બચીને સફળતાની સાથે આત્મિક પ્રગતિના માર્ગ પર સવાર થતાં જોઈ શકાય છે.

### તપમાં આળસ ન કરો.

તપથી બ્રહ્માએ આ સૃષ્ટિ રચી. સૂર્ય તપ્યો અને સંસારને તપાવવામાં સમર્થ બન્યો. તપના બળથી જ શેષનાગ પૃથ્વીનું વજન ઉઠાવે છે. શક્તિ અને વૈભવનો ઉદય તપથી જ થાય છે.

તપાવવાથી જ ધાતુઓના સાધનો- વાસણો બને છે – ઢળે છે, સોનાના દાગીના બને છે. કિંમતી રસ, ભસ્મ વગેરે તપાવવાથી જ અમૃત જેવા ગુણો બતાવે છે.

તપસ્વી જ બળવાન, વિદ્વાન અને બુદ્ધિમાન બને છે. ઓજસ, તેજસ્ અને વર્ચસ્ પ્રાપ્ત કરવા માટે તપશ્ચર્યાનો જ સહારો લેવો પડે છે. વિલાસી, આળસુ અને કાયર મરે છે, પ્રતિભા ગુમાવી બેસે છે. પ્રમાણિક ન રહેવાને કારણે લક્ષ્મી તેને છોડીને ચાલી જાય છે. તે ગુલામની જેમ જીવે છે અને દીન- દુર્બળની જેમ હાસ્યાસ્પદ બને છે.

એટલા માટે તપસ્વી થવું જોઇએ. તપમાં આળસ ન રાખવી જોઇએ. તપસ્વીને રોકશો નહીં. તપસ્વીને ડરાવશો નહીં.

## પરમાત્માની આનંદમથી સતા

અંતરમાંથી ફૂટી નીકળતા ઉત્સાહથી જ આધ્યાત્મિકતાનો પ્રકાશ જોઈ શકાય છે. એને હંમેશા દરેકના મુખ પર ચમકતો જોઇ શકાય છે કે જેને આત્મજ્ઞાન થઈ જાય છે. આત્માનું સહજરૂપ પરમસત્તાની જેમ જ આનંદ મય છે. એટલા માટે વિદ્વાનોએ કહ્યું છે -આધ્યાત્મિક્તાનું જ બીજું નામ પ્રસન્નતા છે. જે પ્રફુલ્લતાથી જેટલો દૂર છે, તે ઈશ્વરથી પણ એટલો જ દૂર છે. તે ન તો આત્માને જાણે છે ન તો પરમાત્માની સત્તાને ! હંમેશા ચિડાતા, ખિજાતા અને આવેશ ગ્રસ્ત રહેવા વાળા વર્ગને મનીષીઓએ નાસ્તિક ગણાવ્યો છે.

સંસારરૂપી આ જીવન સમરાંગણમાં જે પોતાને જ આનંદમય બનાવી રાખે છે, બીજાઓને પણ હસાવી શકે છે, એ જ ઈશ્વરનો પ્રકાશ ફેલાવી રહે છે. અહીં જે કંઈ છે તે બધું આનંદિત રહેવા-બીજાઓને હસતા રાખવા માટે જ પેદા કરવામાં આવ્યું છે.

જે કંઈ ખરાબ અથવા અશુભ છે.  તે બધુ મનુષ્યને પ્રખર કરવા માટે જ હાજર છે. જીંદગીમાં સમયે સમયે આવતી રહેતી પ્રતિકૂળતા -મુશ્કેલીઓ મનુષ્યનું સાહસ વધારવા ધીરજનો પાયો મજબૂત કરવા અને શક્તિ સામર્થ્યને વિકસિત કરવા માટે જ આવે છે. જે એનાથી ડરીને રડી પડે છે.

તેની આધ્યાત્મિક્તા પર કોણ વિશ્વાસ કરશે ? જીંદગી સરળ તો હોય પણ એ સરસ અને પ્રફુલ્લતાથી ભરેલી હોવી જોઇએ. એમાં સંઘર્ષનું પણ સ્થાન હોવું જોઇએ કારણ કે એના સિવાય દુનિયામાં કોઈપણ સફળતા પૂર્વક જીવી શકતું નથી.

રડવું એક શ્રાપ છે, જે ફકત અવિવેકી અને નાસ્તિકોને જ શોભા આપે છે. હસવું – હસાવવું એક એવું વરદાન છે જે, વર્તમાનમાં સંતોષ અને ભવિષ્યની શુભ સંભાવનાઓની કલ્પનાઓને જન્માવી મનુષ્યનું જીવવું સાર્થક બનાવી દે છે. આવો, આપણે સાચા અર્થમાં આસ્તિક બનીએ આપણા અનુભવોની બીજાને પણ જાણકારી આપીએ અને સમગ્ર વાતાવરણને પ્રફુલ્લતાથી ઓતપ્રોત કરી દઈએ.

## ‘પ્રજ્ઞા’ – માનવીને મળેલી દૈવી ભેટ

મનુષ્યને મળેલાં સુવિધા સાધનો વિજ્ઞાનની ભેટ છે. બીજી બાજુ પ્રતિભા જે મળી છે, તે આધ્યાત્મનું વરદાન છે. પ્રગતિ માર્ગ પર આગળ વધવા માટે બંન્નેની પોત પોતાની ઉપયોગિતા અને આવશ્યકતા છે. પદાર્થોની કુરૂપતાને દૂર કરી તેને ઉપયોગી બનાવવામાં વિજ્ઞાનની પોતાની ભૂમિકા છે. શરીર નિર્વાહ ઉદરપોષણ, પ્રજનન, ઉમંગો અને સંરક્ષણ-સુવિધાના અનેકવિધ સાધનોને અપનાવવા આ આધાર પર સંભવિત થઈ શકે છે. જો મનુષ્ય શરીરમાં જન્મ લેવાનો એકમાત્ર હેતુ શરીર યાત્રા જ હોય તો આ બધી સગવડોથી સંતોષી રહી શકાય છે.

વિધાતાએ મનુષ્યને આટલી જ હદ સુધી બંધાઈ રહેવા માટે આ પૃથ્વી પર મોકલ્યો નથી. શરીર યાત્રાથી એક ડગલું આગળ વધીને આનંદ, સંતોષ, સન્માન, શ્રેય, કીર્તિ, ઉત્કર્ષ, પ્રગતિ જેવી કેટલીક ઉચ્ચ પ્રકારની ઉપલબ્ધિઓ મેળવવી હોય તો આંતરિક વરિષ્ઠતાનો સહારો લેવો પડશે, જેને પ્રતિભા અને અધ્યાત્મની ભાષામાં માનવી ગૌરવ કહેવામાં આવે છે. એનો સીધો સંબંધ દૃષ્ટિકોણ-વ્યવહારની એ ઉત્કૃષ્ટતા સાથે છે, જેને વ્યક્તિત્વ કહેવામાં આવે છે. વ્યક્તિત્વ સંપન્ન જ મહા માનવ કહેવાય છે, પછી ભલેને તે સુખ સુવિધાઓની દૃષ્ટિની કંગાલ કેમ ન હોય !

સુવિધા અને પ્રતિભાના સમન્વયની, સમગ્રતાના સ્વરૂપ અને આનંદની અનુભૂતિ કરી શકાય તો સમજી લેવું જોઇએ કે આત્મ બોધ સાચા અર્થમાં થઈ ગયો. એનાથી દુરૂપયોગનું સીમા બંધન, વૈભવનું સુનિયોજન અને પ્રતિભા ચાતુર્યના સદુપયોગનું લક્ષ્ય સધાય જાય છે. એટલા માટે કૌશલ્ય, પ્રતિભા અને વૈભવ, સુખ-સુવિધાઓની સાથે ‘સુમતિ’ ની પણ જરૂર પડે છે, જેને સારી ભાષામાં ‘પ્રજ્ઞા’ નામથી સંબોધવામાં આવે છે.

## પૂર્ણ શુદ્ધિ – પ્રગતિનું પ્રથમ ચરણ :

ખનિજ કોલસો એક વિશેષ સ્થિતિમાં પહોંચીને હીરાની ઉપમા મેળવી લે છે. આમ તો એનો ગમે તેમ ઉપયોગ કરવાવાળા તેને સગડીમાં બાળીને ઓરડામાં રાખે છે અને

સવાર થતા પહેલાં જ ઝેરી ગેસને કારણે મરી જતા હોય છે. જ્યારે હીરા પ્રાપ્ત કરવાવાળા સુસંપન્ન અને ભાગ્યશાળી બને છે. લોખંડ, સીસું જેવી સામાન્ય ખનિજોનું બજારુ મૂલ્ય ઘણું ઓછું હોય છે, પરંતુ તેમને જ્યારે ભસ્મ, રસાયણ બનાવીને લેવામાં આવે છે તો તે સંજીવની બૂટી જેવું કામ કરે છે અને મોઘી કિંમતે વેચાય છે. પીવાના પાણીને વરાળ બનાવી જ્યારે 'ડીસ્ટીલ્ડ' વોટર બનાવવામાં આવે છે ત્યારે તેની ગણતરી ઔષધિઓમાં થાય છે અને તેનો કેટલીક રાસાયણિક ક્રિયાઓ અને મિશ્રણોમાં ઉપયોગ કરવામાં આવે છે.

માનવ સમુદાયોને પણ આ જ વાત લાગુ પડે છે. એ પણ આમ તો ગલી-કુચિયોમાં ભીડ પેદા કરે છે અને ગંદકી ફેલાવતા જણાય છે, પરંતુ જો તેમને સુસંસ્કારિતાની સાધના વડે મહાન બનાવી દેવામાં આવે તો પછી તે ઋષિ, દેવતા વગેરે ગણાય છે અને તેઓ પોતાની નાવમાં બેસાડીને અસંખ્ય માનવોને પાર ઉતારે. આ સ્તરને શુદ્ધ કરવાનું અને ઊંચે ઉઠાવવાનું મહત્વ છે કે જેમાં બિનઉપયોગી ધૂળ પણ આ વિશેષ પ્રક્રિયામાંથી પસાર થવાથી અણુશક્તિ બને છે અને પોતાની પ્રચંડ ક્ષમતાનો પરિચય આપે છે. દરેક વ્યક્તિ સાધારણ મનુષ્ય તરીકે જન્મે છે. કાળક્રમે એની જીવનસાધના એને એ શ્રેય આપે છે જેને માનવીના ગૌરવ બરાબર ગણવામાં આવે છે. એ શંકારહિત છે કે, જન્મજન્માંતરોના સંસ્કારોનું પોતાનું મહત્વ છે. એ સુષુપ્ત બીજોના રૂપમાં હાજર તો રહે છે જ, પરંતુ જે એને જાગૃતજ્ઞ કરે છે ઉભારે છે તે નિશ્ચિતરૂપે પોતાની સ્થિતિથી ઊંચે આવી ધીમેધીમે મહામાનવનું પદ પ્રાપ્ત કરે છે. પોતાની પૂર્ણ શુદ્ધિ, તપ-પ્રક્રિયા વડે ભાવસંસ્થાનના જાગૃતિકરણનાં પગથિયાં પાર કરતાં કરતાં આ પદ સ્થાન પ્રાપ્ત થાય છે કોઈ સમજુતીની એમાં તક કે ગુંજાશ નથી.

### નીતિમત્તા – એક અનુશાસન, એક અનુબંધ :

સહકારના આધારે જ મનુષ્ય બુદ્ધિવાન, ધનવાન ને બળવાન થયો છે. સહકારને જ માનવી પ્રગતિનું ઉદ્દભવ કેન્દ્ર માનવામાં આવે છે. વિચારણીય છે કે આખરે આ સહકાર છે શું ? થોડુંક જ વિશ્લેષણ કરવાથી સ્પષ્ટ બની જાય છે કે સ્વાર્થ અને પરમાર્થનો સમન્વય એ જ સહકાર છે.

આ પ્રક્રિયાને સ્વીકારવાથી સમૃદ્ધિ અને પ્રગતિનું વાતાવરણ બને છે. સહકારને સમાજની ઉન્નતિ અને સંસ્કૃતિની કરોડરજ્જુ કહેવામાં આવે  તો જરાય અતિશયોક્ત નહીં ગણાય. આ સત્પ્રવૃત્તિને અપનાવવાની પ્રથમ શરત એ છે કે વ્યક્તિ ઔચિત્યની મર્યાદામાં રહે, સામાન્ય સ્તરની સુવિધાથી તે સંતોષી રહેવાનું શીખે અને એ આધાર સ્વીકારે કે જેમાં બીજાઓનું હિત જોખમાય નહીં.  પોતાની ભલાઈ એ હદ સુધી વિચારવામાં આવે કે જેમાં બીજાઓની સામે બૂરાઈ કરવા માટે તૈયાર થવું ન પડે. આને માટે જ નૈતિક અનુશાસન મર્યાદા બાંધે છે. ધર્મધારણાનું વિશાળ માળખાનું મનુષ્યને આ સીમાઓની પરિધિમાં રહેવા માટે સ્વૈચ્છાપૂર્વક સહકારી રહેવા માટે ઊભું કરવામાં આવેલું છે.

ધર્મ કોઈ પ્રથા, રિવાજ, કર્મકાંડ કે પૂજાવિધાનને કહેવામાં આવતો નથી, પરંતુ તે એવો રાજમાર્ગ છે કે જેની ઉપર ચાલવાવાળાને ડાબી બાજુ રહેવું પડે છે અને વગર ટકરાયે ચાલવું પડે છે. નીતિવાન ધર્માત્મા છે. કર્મકાંડી તો માત્ર પૂજારી જ કહેવાય છે. ધર્મ અને સહકારની એકાત્મતા પર જ સમાજનું માળખું ઊભેલું છે. નીતિ મર્યાદાઓનું પાલન જ ધાર્મિકતા છે. જ્યાં જ્યાં એની ઉપેક્ષા થશે કે મનસ્વીપણે વર્તાવ થશે ત્યાં ત્યાં અરાજકતા ફેલાશે અને સમાજ રચનાનું માળખું તુટી જશે, વિખરાઈ જશે. અધ્યાત્મ અનુશાસનની પ્રેરણા વ્યક્તિને આ દૃષ્ટિથી નીતિ-નિયમોના બંધનમાં રહેવા માટે મજબૂર કરે છે.

### આનંદની અનુભૂતિના પોત-પોતાના રૂપ :

પ્રાચીન સમયથી માનવનું લક્ષ્ય રહ્યું છે – આનંદ પ્રાપ્તિ અંતરની અંદર પરમાત્માની અનુભૂતિ જે અનેકવિધ રૂપોમાં છે તેમાં આનંદ સર્વોપરિ છે. સુખ ભૌતિક છે આનંદ આધ્યાત્મિક, ભૌતિક સાધનોનો અનુભવ ઘણું કરીને દરેકને એક સરખો થાય છે. ફૂલની સુગંધ, વસ્તુઓનું સૌંદર્ય, ફળોનો સ્વાદ વગેરેની જે અનુભૂતિ આપણને થાય છે, લગભગ તંદુરસ્ત ઈન્દ્રિયોવાળી તમામ વ્યક્તિઓને એ અનુભૂતિ એકસરખી થાય છે, પરંતુ આનંદ એનાથી તદ્દન અલગ છે. એનું રસાસ્વાદ દરેક વ્યક્તિને અલગ અલગ રૂપમાં થાય છે.

મીરાંબાઈએ જે આનંદરસનું પાન કર્યું, જેને માટે સામાજિક મર્યાદાઓ તોડી અને ઝેરનો પ્યાલો ગટગટાવ્યો એને કોણ પોતાના અંતરમાં એ જ પ્રકારે અનુભવી શકે ? મીરાંબાઈની જેમ પ્રેમની વેલ રોપવી અને આનંદફળ પ્રાપ્ત કરવું દરેકને માટે સહેલું નથી – સહજ નથી. કોઈને માટે મિલનમાં આનંદ છે તો કોઈને વિરહમાં આનંદ. કબીરજી આ વિરહસુખની અભિવ્યક્ત કરતાં કહે છે -

-બિરહ કમંડલ કર લીએ વૈરાગી દો નૈન, માંગે દરસ મધૂકરી છકે રહેં દિનરૈન-

ખરેખર આ આનંદ અધ્યાત્મવેતાઓની દ્રષ્ટિમાં એ પૂર્ણતાનો ભાગ છે, જેની પ્રાપ્તિ કરી પુરુષાર્થ સાધના હેતુ ઋષિ-મિનીષીઓએ ઊંડું મંથન કર્યું છે. એને તેમણે યોગની ચરમપ્રાપ્તિ તરીકે જાહેર કરી છે. ઉપનિષદકારોએ કહ્યા અનુસાર જ્ઞાન, ભક્તિ અને કર્મયોગની તમામ ધારાઓ ભલે તે કોઈક વાદનું સમર્થન કેમ ન કરતી હોય, પરંતુ છેવટે તો છે આનંદવાદ જ.

એટલા માટે મુણ્ડકોપનિષદમાં વિદ્વાન ઋષિ કહે છે – 'તદ્વિજ્ઞાને ન પરિપશયન્તિ ધીરા આનંદ રૂપમર્ભુતમ્ યદ્વિભાતિ' અર્થાત્ – જ્ઞાની વિજ્ઞાન વડે પોતાના અંતરમાં રહેલા તે આનંદરૂપી બ્રહ્મના દર્શન કરી લે છે અને જ્ઞાનીઓમાં પણ પરમ જ્ઞાની બની જાય છે. આનંદ સાધકની પરમ ઉપલબ્ધિ છે. પછી ભલે તેની અનુભૂતિના રૂપ અલગ અલગ હોય.

### આત્માવિજેતા જ વિશ્વ વિજેતા :

સાધનાનો મતલબ છે – 'આત્માનુશાસન' પોતાની ઉપર જ વિજય મેળવનારને સૌથી મોટો યોદ્ધો ગણવામાં આવ્યો છે. બીજાઓની ઉપર આક્રમણ કરવું ઘણું સહેલું છે. અજાણ લોકો પર હુમલો કરવો એ તો એથીય સરળ છે. એટલા માટે આક્રમણકારિયોને માટે યોદ્ધા કહેવું ઘણું ઓછું ઉચિત છે.

ખરા દુશ્મનો આપણા કુસંસ્કાર છે, જે પશુપ્રવૃતિના રૂપમાં અંતરંગની ઉત્કૃષ્ટતાને દબાવીને બેઠેલા છે અને ઉત્કૃષ્ટતાની દૃષ્ટિમાં આગળ એક પગલુંય વધવાની તૈયારી કરતાં જ તે ભારે અડચણો બનીને બારણાં બંધ કરે છે

આની સાથે ઝઝૂમવું એ ઓછી બહાદુરીનું કામ નથી.

ઊધઈ લાકડાનો અને વિષાણુ આરોગ્યનો નાશ કરે છે. વ્યસન અને દુર્ગુણ જ મનુષ્યોને નીચે ગબડાવે છે અને તેની પ્રગતિનો સફળતાનો કોઈ જ પ્રયત્ન દેવા દેતા નથી.

જો આપણે આપણા ખરા દુશ્મનોને આળખીએ અને એનાં મૂળને ઉખાડી શકીએ તો સમજવું જોઇએ કે મોટો પુરુષાર્થ કરવાની સફળતા આપણાથી પ્રાપ્ત કરી શકાય છે. ઋષિ મનીષી એટલે વારંવાર કહેતા આવ્યા છે કે -પોતાને ઓળખો-સમજો, જાણો-જુઓ અને સાંભળવાનો  પ્રયત્ન કરો. ભાવાર્થ એ છે કે પોતાની અંદર શું છે એ પોતાના સિવાય સારી રીતે કોણ જાણી શકે છે ? બીજાના દોષ જોવા ખૂબ સહેલા છે. પરંતુ પોતાના દોષ જોવા ઘણા મુશ્કેલ છે. જે આમ કરીને આત્મસુધાર કરી લે છે. -એવો આત્મવિજેતા જ વિશ્વવિજેતા કહેવાય છે.

### સંપત્તિને રોકો નહીં.

પરમાત્માના અનંત વૈભવની વિશ્વમાં કોઈ પણ જાતની કમી-અછત-નથી. ભગવાન તમારા છે અને તેના રાજકુમાર હોવાને નાતે  સૃષ્ટિની દરેક વસ્તુ ઉપર તમારો પૂરેપુરો અધિકાર છે. એમાંથી જ્યારે જે ચીજની જેટલી જરૂર હોય એટલી લો અને આવશ્યકતા પૂરી થતાં જ આગળની વાત વિચારો. સંસારમાં સુખી અને સંપન્ન રહેવાનો આ જ ઉપાય છે.

વાદળ આપણાં છે, નદી આપણી, પહાડ આપણા, વન અને બગીચા પણ આપણા છે. એ પૈકી જ્યારે જેની સાથે જેટલું રહેવું હોય તેટલું રહો. જેનો જેટલો ઉપયોગ કરવો હોય તેટલો કરો. કોઈ રોકટોક છે જ નહીં, નદીને રોકીને જો પોતાની બનાવવા ઇચ્છશો અને કોઈ બીજાની પાસે નહીં જવા દો, ઉપયોગ નહીં કરવા દો, તો પછી મુશ્કેલી ઊભી થશે. એક જગ્યાએ ભેગું થયેલું પાણી અમર્યાદિત બનીને પૂરના રૂપમાં ઉભરાવા માંડશે અને તમારા પોતાના જ ખેતરો અને ખળાને ડુબાડી દેશે.

વહેતી હવા ગમે તેટલી સુગંધીદાર કેમ ન હોય પણ જો તમે તમારા જ પેટમાં ભરવા ઇચ્છશો તો પેટ ફૂલશે-ફાટશે. ઉચિત તો એ છે કે જેટલી જગા ફેફસાંમાં હોય એટલો જ શ્વાસ લેવો અને બાકીની હવા બીજાઓ માટે છોડી દેવી. હળીમળીને ખાવાની આ જ નીતિ સુખકારક છે.

### ધર્મ અવૈજ્ઞાનિક કે અનુપયોગી નથી.

ધર્મનો સ્તંભ ખૂબ મજબૂત છે. એને નેતૃત્વવિજ્ઞાનની તમામ દિશાઓને ધ્યાનમાં રાખીને તત્વદર્શિતાએ એ પ્રકારે બનાવેલ છે કે એની ઉપયોગિતામાં ક્યાંય કોઈ ખામી રહી જાય નહીં. વ્યક્તિગત સુખ, શાન્તિ પ્રગતિ અને સમૃદ્ધિનો આધાર ધર્મ જ છે. સમાજની સુવ્યવસ્થા પણ વ્યક્તિઓની ધર્મ-પરાયણ કર્તવ્યબુદ્ધિ પર જ આધારિત છે. ધાર્મિકતાનો સહારો લઈને કોઈ નુકસાનમાં નથી ઊતરતો, પરંતુ દરેક રીતે પ્રગતિનો રસ્તો પ્રશંસનીય બનાવતો રહે છે.

ધાર્મિક માન્યતાઓ ન તો અવૈજ્ઞાનિક છે કે ન કાલ્પનિક. કોઈક સાંપ્રદાયિક રીત-રિવાજો અથવા કથા-લોકવાયકા-દ્રષ્ટાંતને ધર્મનું બદલી શકાય તેવું પરિવર્તનશીલ શરીર કહી શકાય છે. એમાં સુધારો વધારો થતો રહે છે. ધર્મના મૂળ આત્મા દ્વારા ઉચ્ચ માનવીય સદ્ગુણોની સમજ હોવી સનાતન અને શાશ્વત છે. ન તો તેની ઉપયોગિતાની ના પાડી શકાય છે કે ન તો તેને અદૂરદર્શિતાપૂર્ણ ઠરાવી શકાય છે. સાચું તો એ છે કે મનુષ્યની સામાજિકતા ધર્મ સિદ્ધાંતો પર જ ટકી રહેલી છે.

ધર્મનો અર્થ-તાત્પર્ય છે સદાચરણ, સજ્જનતા, સંયમ, ન્યાય, કરુણા અને સેવા માનવપ્રકૃત્તિમાં આ સનાતન તત્વોનો સમાવેશ કરી રાખવા માટે ધર્મ-માન્યતાઓને મજબૂત રીતે પકડી રાખવી પડે છે. મનુષ્ય જાતિની પ્રગતિ એની આ પ્રવૃત્તિને કારણે શક્ય થઈ છે. જો વ્યક્તિ અધાર્મિક, અનૈતિક અને ઉદ્ધત માન્યતાઓ સ્વીકારી લે તો એનું પોતાનું જ નહીં, પરંતુ સારાયે સમાજનું અસ્તિત્વ જોખમમાં પડી જશે.

મનુષ્ય શરીર આ અખિલ બ્રહ્માંડ જીવો બ્રહ્યૈવ નાપર :

મનુષ્ય શરીર આ અખિલ બ્રહ્માંડનું નાનું રૂપ છે. આ શરીરને વ્યાપક પ્રકૃતિની પ્રતિકૃતિ-નકલ-કહેવામાં આવે છે. વિરાટનો વૈભવ આ પિંડની અંદર બીજ રૂપે સૂતેલી સ્થિતિમાં હાજર છે. મનોવિકાર વગેરેના પડ પઢી જવાથી તેને નર પશુની જેમ જીવન વિતાવવું પડે છે. જો સંયમ અને નિગ્રહના આધાર પર એને પવિત્ર અને પ્રખર બનાવવામાં આવે તો તેને રિદ્ધિ-સિદ્ધિથી ઓતપ્રોત કરી શકાય છે. કોયલો જ હીરો હોય છે. પારામાંથી જ મકરધ્વજ બને છે. આ પોતાની જાતને તપાસવાનો તપશ્ચર્યાનો જ ચમત્કાર છે.

જીવાત્મા પરમાત્માનો અંશ, મોટો પુત્ર અને યુવરાજ છે. સંકુચિતતાનાં ભવબંધનોથી છૂટીને તે ‘આત્મવત સર્વ ભૂતેષુ’ ની માન્યતા દઢ પરિપુષ્ટ કરી શકે, ‘વસુધૈવ કુટુંબકમ્’ ની ભાવના પાકી કરી શકે તો જીવનમાં સ્વર્ગ અને મુક્તિનો આ સ્વાદ માણી શકે. જીવનને બ્રહ્મની બધી જ વિભૂતિઓ હસ્તગત કરવાનો પ્રાપ્ત કરવાનો સુયોગ મળી શકે છે.

આપણે શરીરને તપશ્ચર્યા વડે તપાવીએ અને ચેતનાની પરમ સત્તામાં યોગદ્વાર સમર્પિત કરીએ તો નરને નારાયણ, પુરુષને પુરુષોત્તમ, ક્ષુદ્રને મહાન બનવાનો સુયોગ નિશ્ચિતરૂપથી મળી શકે છે.

કલાકાર હાથો વડે જીવનને શણગારે :

કલાકારિતાના અનેક પક્ષ છે, પરંતુ દરેકની વ્યાખ્યા એક જ છે કે અણગઢને સુગઢમાં બદલી દેવામાં આવે. કુંભાર નકામી માટીને રમકડામાં બદલી નાખે છે. સોની ધાતુના ટુકડામાંથી ઘરેણા બનાવી દે છે. લોખંડને ઓગાળનારા તેના ઉપયોગી દાગીના ભાગ બનાવીને સુંદર મશીન ઊભું કરી દે છે. શિલ્પી પત્થરના નાના મોટા ટુકડાઓને છીણી હથોડીની મદદ વડે દેવપ્રતિમાઓમાં બદલી નાખે છે.

મનુષ્યના હાથમાં સૌથી મૂલ્યવાન ચીજ છે – ‘જીવન’. એને હીરા સમાન ગણવામાં આવે છે. હીરો હકીકતમાં તો પાકી ગયેલો, પાકટ થયેલો, કોલસો જ છે.

એ જો ખાણમાં જ પડયો રહે તો તેની કિંમત કાણી કોડી જેટલીય ન રહે, પરંતુ જો ઝવેરીના હાથમાં પહોંચી જાય તો તેને પાસા પાડીને એવો ચમકદાર હીરો બનાવે છે કે જેનાથી જોવાવાળા અને ખરીદવાવાળાનું મન આનંદિત બની જાય છે. યોગ્ય માળીના હાથ વડે બનાવેલો બગીચો કેટલો સુંદર લાગે છે એ સૌ જાણે છે.

જીવન નકામું પણ છે. જ્યારે તેનો ઉપયોગ ખાવા-પીવા અને ઊંઘવાથી વધારે થઈ શકતો નથી. અણગઢોની સાથે પનારો પડવાથી જીવન ખરાબ, નિંદનીય અને પછાતપણાથી ભરાઈ જાય છે. ડગલે અને પગલે એને બીજાની મદદ માગવી પડે છે.

પરંતુ જીવનના સાચા કલાકાર એ છે કે જે આ પંચભૂતોથી બનેલા રમકડાને એવું સુરૂચિભર્યુ બનાવી દે છે કે જેની ઉપર દેવતાઓ પણ પોતાની જાતને ન્યોછાવર કરવા માટે લલચાય. જે જીવનને કલાકારની કૃતિની જેમ ક્ષણગારે-સુધારે-સજાવે છે, તેઓ જ ખરેખર સાર્થક જીવન જીવતા હોય છે.

## મોટાઈની સાચી કસોટી

આ સંસારમાં વૈભવના આધારે મોટાઈ ગણવાની પ્રથા છે. જેની પાસે મિલકત, શિક્ષણ અને ચતુરાઈ છે, એટલા પ્રમાણમાં એની મોટાઈનું મૂલ્ય ગણવામાં આવે છે. બળ અને પ્રતિષ્ઠા પણ આ વર્ગમાં આવે છે, જે બીજાની ઉપર પોતાની છાપ છોડે છે તથા ધાક જમાવે છે. લોકો ઉગ્રતા, આતંકવાદ, દુષ્ટતા અને નુકસાન પહોંચાડનારી શક્તિને જોતા જ ડરે છે અને માન આપે છે.

મોટાઈનું મૂલ્ય કરવાની આ તમામ કસોટીઓ હલકી અને ખોટી છે. એના વડે આપણે કોઈ પણ વ્યક્તિનું સાચું મૂલ્યાંકન કિંમત કરી શકીએ નહીં. કસોટી, પરીક્ષા જ ખોટી હોય તો સોનાનો અને પિત્તળનો ભેદ કેવી રીતે સમજાય ?

વ્યક્તિત્વની વાસ્તવિક મહત્તા તેની સુસંસ્કારિતાના આધાર પર આંકવી જોઇએ. જોવું જોઇએ કે કોણે પોતના ગુણ, સ્વભાવ અને કર્મમાં કેટલી ઉત્કૃષ્ટતા સ્વીકારી છે અને પોતાના ચરિત્ર તથા બીજાની સાથે સદ્વ્યવહારમાં કેટલી હદ સુધી પોતાની વિશિષ્ટતા અપનાવી છે.

જે પોતાને સંયમી, સજ્જન અને અનુશાસિત બનાવી શકે તે એટલો જ મહાન છે. ધર્મચિન્હનો અથવા રિવાજોને કારણે કોઈ ધર્માત્મા બની શકતો નથી. જેણે આદર્શો પ્રત્યે પોતાની નિષ્ઠા જેટલી હદ સુધી પરિપકવ કરી લીધી છે. ખરેખર તેની જ મોટાઈ સફળ અને પ્રશંસા કરવા લાયક છે.

### શાન્તિ અને સૌંદર્ય આપણી જ અંદર :

એને પ્યાર કરો, જેને લોકો પતિત, નિર્દિત કે ત્યાજ્ય સમજે છે. જેમને ફક્ત નિંદા અને તિરસ્કાર મળે છે. જે પોતાની ઉપર લદાયેલા પછાતપણાને કારણે કોઈના મિત્ર બની શકતા નથી કે જેને કોઈ પ્યાર કરતું નથી. પ્રેમ કરવા જેવા એ લોકો છે જેમને સ્નેહ સદ્દભાવ આપીને તમે પોતાને ગૌરવશાળી કરશો. માગશો નહીં, ચાહશો નહીં, આપીને જ પોતાને ગૌરવવાળા હોવાનો અનુભવ  કરો.

જેની ચામડી સુંદર ચમકીલી અને બાંધો સૌદર્યસભર હોય એને જોવા માટે દોડો નહીં. એવું તો પતંગિયાં અને ભમરા પણ કરી શકે છે. તમે એને જુઓ જે ગરીબાઈ અને બિમારીની ઘંટીમાં પિસાઈને કુરૂપ બની ગયા છે. અભાવને કારણે જેનાં હાડકાં બહાર નીકળી ગ્યા છે અને આંખોની ચમક ચાલી ગઈ છે. નિરાશ દિલોમાં આશાનો સંચાર કરીને તમે પોતાનામાં ધન્યતાનો અનુભવ કરશો.

કોલાહલ અને રુદન સાથે જોડાયેલી વિપન્નતા, દુઃખોને જોઈને ડરશો નહીં, ભાગશો નહીં, પરંતુ એવું કરો જેનાથી અશાંતિ દૂર થાય અને શાંતિની પ્રશંસા કરી શકો. શાંતિ મેળવવા એકાંત કે બાગમાં ભટકો નહીં એ તો તમારી અંદર છે અને એ ત્યારે પ્રગટ થાય છે કે જ્યારે તમે કોઈ કામ એવું કરો છો કે જેનાથી અનીતિઓ અને ભ્રાન્તિઓનું નિરાકરણ થઈ શકે. સત્પ્રયત્નોની સાથે જ શાંતિ જોડાયેલી છે.

### પૂરેપૂરી શ્રેષ્ઠતા વિકસિત કરીએ :

ફૂલની સુંદરતા કે સુગંધ એકાદ પાંખડી સુધી જ સીમિત નથી એ તેની સમગ્ર સત્તા સમયે ગુંથાયેલી છે.

આત્મિક પ્રગતિને માટે કોઈ વિશેષ યોગાભ્યાસ કરવાથી બની શકે છે કે સ્થૂલ શરીર અથવા સૂક્ષ્મ શરીરનું કોઈક ક્ષેત્ર વધારે મજબૂત થતું જણાય અને કેટલાય પ્રકારની ચમત્કારિક સિદ્ધિનું પ્રદર્શન કરી શકાય. આત્માની મહાનતા માટે આટલાથી કામ ચાલે નહીં. એને માટે તે જીવનના દરેક ક્ષેત્રને સમર્થ, સુંદર અને સુવિકસિત કરવું જોઇએ.

દૂધના કણ કણમાં ઘી સમાયેલું છે. હાથ નાખીને તેને કોઈ એક જગ્યાએથી કાઢી શકાતું નથી. એને માટે તો પૂરેપૂરા જથ્થાને વલોવવો પડે છે.

જીવન એકાંગી નથી. એના કોઈ વિશેષ અંગને અથવા પ્રકૃતિ વિશેષને જાગૃત કરવાથી, ઉભારવાથી કામ ચાલતું નથી. જરૂરી છે કે જીવનના દરેક પક્ષના અંતરંગ અને બહિરંગમાં ઉત્કૃષ્ટતાનો સમાવેશ કરવામાં આવે.

ઈશ્વરનો વાસ કોઈ એક સ્થાનમાં નથી. ના એ તો સત્પ્રવૃત્તિઓનો સમુચ્ચય છે. ઈશ્વરની આરાધનાને માટે જરૂરી છે કે વ્યક્તિત્વના સમગ્ર પક્ષને શ્રેષ્ઠ અને સમુન્નત કરવામાં આવે. પોતાનામાં સત્પ્રવૃત્તિઓનો સમાવેશ કરી એના સમાન બનવાનો પ્રયત્ન કરવામાં આવે.

## ઊંડાં ઊતરો- વિભૂતિઓ મેળવો.

નજરે જણાતા પદાર્થ, સંપત્તિ જ બધું નથી. જે ઊંડાણમાં છે એનું પણ મહત્વ છે. વૃક્ષની છાયા ઉપર જણાય છે પણ મૂળિયાં જમીનની ઊંડાઈમાં મળી આવે છે. સમુદ્ર કિનારે છિપ અને શંખલા વીણી શકાય છે. પરંતુ મોતી મેળવવા માટે ઊંડે ઊતરવા સિવાય બીજો કોઈ ઉપાય નથી.

જમીન ઉપર ખડકો અને રેત-માટી ખિરાયેલી પડેલી છે. પરંતુ કિંમતી ધાતુઓને મેળવવા માટે જમીનમાં ઉંડે સુધી ખોદકામ કરવું પડે છે. પરાક્રમથી વૈભવ પ્રાપ્ત કરી શકાય છે, પરંતુ માનવી ગૌરવ વિકસિત કરવા માટે અંતર્મુખી બનવું પડે અને તીક્ષ્ણ દ્રષ્ટિથી દોષ-દુર્ગુણો સાફ  કરવા પડે છે.

દૈવી વિભુતિઓ તો અંતરાલમાં હાજર છે. ઉંડા ચિંતનનું સમુદ્રમંથન કરવાથી જ તે પ્રાપ્ત થાય છે. વૈભવની તૃષ્ણા એક લોભામણી ચમક માત્ર છે, પરંતુ આંતરિક સત્પ્રવૃત્તિઓનું પોષણ રત્નોને ખોદી કાઢવા સમાન છે.

સૌંદર્ય બહાર જણાય છે, પરંતુ તે ખરેખર તો આંખોની જ્યોતિ, ઇચ્છા અને આત્મિયતાનો માત્ર સમુચ્ચય જ છે. સારુંએ છે કે આપણે અંતરના ખજાનાને શોધીએ અને એ વિભૂતિઓને મેળવીએ જે આપણા કલ્યાણને માટે અને વિશ્વકલ્યાણને માટે અનિવાર્ય રૂપે આવશ્યક છે.

## વિસ્મૃતિની મૂર્છા

બનાવનારા અને સાચવનારાનો પોતાની વસ્તુ સાથે સ્વાભાવિક રીતે જ વધારે પ્રેમ હોય છે. આપણે મકાન બનાવીએ છીએ બગીચામાં સુંદર ફૂલો ઉગાડીએ છીએ, ચિત્ર બનાવીએ છીએ. લેખ લખીએ છીએ તો તેનાથી પ્રેમ હોવો એ સહજ પ્રક્રિયા છે. ઈશ્વરે સર્જનહારે આપણને બનાવ્યા છે, સંભાળ્યા છે અને આપણા ભવિષ્યની સઘળી જવાબદારી એમના ખભા ઉપર છે. આવી સ્થિતિમાં એમનો આપણા પ્રત્યે પ્રેમ હોવો એ કોઈ દયા, ઉપકાર કે સંજોગ નથી, પરંતુ વિધિ-વ્યવસ્થાને અનુરૂપ એક સહજ ક્રમ છે.

આપણે પરમેશ્વરનાં બાળકો છીએ, જેમને પ્રાણધારી માનવામાં આવે તો એ પણ માનવું પડશે કે તે સર્વશ્રેષ્ઠ સુવિકસીત પ્રાણી છે. જો એવું ન હોત તો મનુષ્ય જેવી સર્વ સાધન સંપન્ન સંતતિનો જન્મ કેવી રીતે થાત? જન્મ આપીને કોઈ સહૃદયી વ્યક્તિ પોતાના બાળકને ભટકવા માટે ત્યજી દેતા નથી. પછી પરમાત્મા આપણાથી વિમુખ કેવી રીતે થઈ શકે ? જ્યારે બાળક પ્રત્યે પ્રેમ એ સૃષ્ટિનો નિયમ છે તો પરમેશ્વરનો પ્રેમ પોતાની સર્વોતમ કૃતિ એવા માનવને માટે કેમ ન હોય ? આસ્તિકતાનું, ઈશ્વરનિષ્ઠાનું આજ તત્વદર્શન છે.

આપણે ભૂલી જઈએ છીએ કે આપણે તે પરબ્રહ્મની સૃષ્ટિના એ વિરાટ પરિવારના એક અંગ સમાન છીએ, જેની સુરક્ષા, દેખભાળની સઘળી જવાબદારી એણે પોતાના ખભા ઉપર  લઈ લીધેલી છે.

વિસ્મૃતિ આ મૂર્છા જ છે, જે આપણને પોતાને જ ઓળખવામાં અને ઉત્કર્ષ અને આનંદની ઉપલબ્ધિયોથી પણ વંચિત બનાવી દે છે. પરમપિતાનો પ્રેમ અગર યાદ રહ્યો હોત તો એમની સાથે દોરી પણ બંધાયેલી હોત અને આપણા જીવનની પતંગ એમના દ્વારા સંચાલિત થતી હોત. અભાવ અને આત્મહીનતા આપણને એને કારણે સતાવી રહેલ છે કે આપણે ભ્રાન્તિવશ, મોહને કારણે, અજ્ઞાનના અંધકારમાં ભટકવાનું વધારે પસંદ કરીએ છીએ. વિવેક જાગૃત થઈ શકે તો આપણને એ જ્ઞાનરૂપી પ્રકાશ પ્રાપ્ત થઈ શકે છે, જે જીવનની સાર્થકતાની યાદ અપાવે અને આપણી હરેક ક્ષણ એ પરમપિતાની વ્યવસ્થાને વધારે સુગઢ બનાવવામાં નિયોજીત કરે.

## અધોગતિ નહીં, ઉન્નતિનો માર્ગ અપનાવીએ

પાળેલાં જાનવરોને બંધનમાં બંધાઈને રહેવું પડે છે, પરંતુ મનુષ્યને એ સગવડ મળેલી છે કે તે સ્વતંત્ર જીવન જીવે અને ઇચ્છિત પરિસ્થિતિયોને પસંદ કરે.

ઉન્નતિ અને પતનના પરસ્પર વિરોધી બે માર્ગોમાંથી આપણે જેને ઇચ્છીએ તેને અપનાવી શકીએ છીએ. અધોગતિના ખાડામાં પડવાની છૂટ છે, વળી આત્મહત્યા કરવા તૈયાર થયેલ વ્યક્તિને બળપૂર્વક બહુ દિવસો સુધી રોકી શકાતી નથી.

આ જ વાત ઉન્નતિના સંબંધમાં પણ છે. વ્યક્તિ જેટલું ઇચ્છે તેટલું ઊંચે ઊઠી શકે છે. પક્ષી મુક્ત આકાશમાં ઉડતા, લાંબું અંતર પાર કરીને, સાથે સાથે સૃષ્ટિનું સૌંદર્યપાન કરે છે. પતંગ પણ હવાને સહારે આકાશને ચૂમે છે. આંધીના સંપર્કમાં આવેલા ધૂળના કણો અને તણખલાં પણ ઊંચે ઊચે ઊડવા લાગે છે. તો પછી મનુષ્યને ઉન્નતિની દિશાધારા સ્વીકારતા કોણ રોકી શકે છે ?

નવાઈની વાત એ છે કે લોકો પોતાની તાકાત અને બુદ્ધિમત્તાનો ઉપયોગ અધોગતિના ખાડામાં પડવા માટે કરે છે. આ તો અનાયાસે પણ થઈ શકે છે. ઢેકુ ફેંકવાથી નીચે જ પડે છે અને વહેવડાવેલું પાણી નીચેની તરફ વહેણ પકડી લે છે. દૂરદર્શિતા એમાં છે કે ઊંચે ઉઠવાની વાત વિચારવામાં આવે અને એવી જ યોજના બનાવવામાં આવે. જેનાં પગલાં આ દિશામાં આગળ વધે છે, તે મનુષ્ય પશુ ન રહેતા મહામાનવ બને છે.

## ઈશ્વરની સાથે માનવનું ગઠબંધન

આ વિશ્વ સંગીતમય છે. શબ્દથી જેની ઉત્પત્તિ થઈ છે, એવી ચરાચર સૃષ્ટિના વિરાટ વિશ્વસંગીતમાં સૂર્ય, ચંદ્ર, તારા, જીવ-જંતુ, વનસ્પતિ હંમેશા પોતાનો વિશેષ સુર બજાવતા રહે છે. જે રીતે વીણાનો કોઈ તાર મધ્યમ કોઈ પંચમ સુરમાં બાંધવામાં આવે છે. જેથી એમાંથી વિભિન્ન પ્રકારના સ્વર નીકળે, એ જ રીતે આપણે પણ ઈશ્વરની સાથે વિશેષ સંબંધ સ્થાપિત કરવાનો હોય છે, કોઈ એક વિશિષ્ટ સુર ઉત્પન્ન કરવાનો હોય છે, જેથી માનવ જીવન પણ સંગીતવાળું બને, પ્રવાહિત બને.

એક અધૂરો માણસ એ છે કે જેના જીવનને તાર સાતકમાં બાંધવામાં આવ્યું નથી. જેના જીવનનો મુખ્ય તાર તુચ્છતાને કારણે વિદીર્ણ થઈ ગયો છે. કોઈ પણ રીતે એને ક્રમબદ્ધ કરીને એક કાયમી સુરને ધ્રુવ બનાવવો પડશે, એમાં જ માનવનું કલ્યાણ છે.

તાર કેવી રીતે બંધાઈ ? ઈશ્વરની વાણીમાં એને બાંધવામાં અને સ્થળ છે. એમાંથી કોઈ એકને નક્કી કરવું પડશે.

મંત્ર આવા જ પ્રકારનું એક બંધન છે. મંત્ર દ્વારા મનના વિષયને સમષ્ટિ મનની સાથે જોડી શકાય છે. જેમ વીણાની ખૂંટી સાથે તાર બાંધવામાં આવે છે જે ફરી છટકતો નથી. ઈશ્વરની સાથે માનવનું જે ગઠબંધન કરેલું છે એમાં મંત્ર જ મદદ કરે છે. એવો જ એક મંત્ર છે "પિતાનોડસિ" । જીવનને એ સુરમાં બાંધવાની આપણા તમામ વિચારો અને કાર્યોમાં એક વિશેષ રાગિણી વાગી ઊઠે છે. 'હું એમનો પુત્ર છું' આ મંત્ર જ સંગીતરૂપે મૂર્તિમાન બની શરીરના દરેક તારમાંથી ઝંકૃત થવા લાગે છે.

## સાધનારૂપી બીજની ફળ-સિદ્ધિ

બીજમાં ઉગવાની શક્તિ હોય છે. એ સડેલું હશે તો ઉગશે કેવી રીતે ? સારું બીજ અને વાવવાની યોગ્ય રીત હોવા છતાંય કેટલાંક તથ્યો એવા છે જે બીજને ઉગવામાં અવરોધક બની શકે છે અને અંકુરિત થવા ઉપરાંત પણ તેને છોડ અથવા વૃક્ષ બનવાના માર્ગમાં પથ્થરની જેમ આડે આવે છે. ફળસ્વરૂપ બીજની સંપૂર્ણ સમર્થતા પણ તેની પ્રગતિને કુંઠિત કરતી રહે છે.

સાધનાને બીજ સમજવામાં અને તેના ફળને સિદ્ધિ કહી શકાય છે. આ પ્રક્રિયાને બીજમાંથી વૃક્ષ બનવાની ઉપમા આપી શકાય છે. બીજનું સક્ષમ હોવું પૂરતું નથી એને માટે યોગ્ય જમીન, ખાતર, સિંચાઈ અને  રખાવાળીની પણ જરૂર પડે છે. આ સાધન ન મળે તો વાવવાવાળાની ઇચ્છા અને બીજની સમર્થતાનુ યોગ્ય ફળ ઉપલબ્ધ થઈ શકતું નથી.

સાધના વિધાનનું મહત્વનું પ્રતિફળ કહેલું છે એ ત્યારે સાચી રીતે સિદ્ધિ થાય છે, જ્યારે સાધકની મનોભૂમિમાં ઉત્કૃષ્ટ ચિંતનની ફળદ્રુપતા અને આદર્શ ચરિત્રની ભીનાશ હાજર હોય માત્ર કર્મકાંડ જ સર્વ નથી. પૂજા કરવાથી જ દેવતા પ્રસન્ન થતા નથી. આ તમામ વિધિ વ્યવસ્થાની ઉપયોગિતા ત્યારે છે. જ્યારે સાધકને પોતાના વ્યક્તિત્વને ઉચ્ચસ્તરીય બનાવતા આવડતું હોય. કુશળ ખેડૂત એ છે જે બીજારોપણની સાથે સાથે છોડને ઊગવા અને ફળવા માટે જરૂરી આવશ્યકતાઓને પણ સમજતો હોય અને એને મેળવવાનો પ્રયત્ન કરતો હોય, સાધના એક ખેતી કાર્ય અને ઉદાત્ત આરોપણ છે. એને ફલિત કરવા માટે ઉપાસનાનો ક્રમ જ પૂરતો નથી, પરંતુ જીવન સાધનાનો એ ઉપક્રમ શરૂ કરવો જોઇએ કે જે  વ્યક્તિત્વને વિકસિત કરવાની સાથે સાથે સિદ્ધિઓનો સુયોગ્ય પણ પ્રાપ્ત કરશે.

### જીવન એક પ્રત્યક્ષ કલ્પવૃક્ષ

જીવન એક પ્રત્યક્ષ કલ્પવૃક્ષ છે. એનું બંધારણ એવા તત્વોથી બનેલું છે કે સાધના કરવાથી તેની પાસેથી કોઈ પણ ઇચ્છાની પૂર્તિ થઈ શકે છે. ઇચ્છિત ફળ આપવાના સંદર્ભમાં કલ્પવૃક્ષને જ પ્રમુખતા આપેલી છે. લોકવાયકા છે કે તેની છાયામાં બેસવાનો જેને અવસર મળે છે, તે મનવાંછિત વરદાન મેળવે છે અને મનોરથો પૂરા કરવાનો આનંદ લે  છે. કલ્પવૃક્ષની માન્યતા કલ્પનાનો તરંગ હોઈ શકે છે, પરંતુ જીવનની મહતા સમજવાવાળાને એમાં જરા પણ અતિશયોક્તિ લાગતી નથી કે માની સત્તામાં રહેલી વિશિષ્ટતાઓ અસીમ છે.

ચિંતન એક ખૂબ જ શક્તિશાળી ચુંબક છે. જે પોતાને અનુકૂળ સાધન અને સહયોગ ખેંચવામાં પૂરેપુરી રીતે સમર્થ છે.

વિચારવાથી ઇચ્છા જાગે છે અને સંકલ્પ ઊઠે છે. ત્યારબાદ પુરુષાર્થનો ક્રમ શરૂ થાય છે. મનોયોગપૂર્વકના પરાક્રમની શક્તિ એટલી મોટી છે કે તેની મદદથી વ્યક્તિ એટલું બધું કમાઈ શકે અને મેળવી શકે છે કે જે સામાન્ય પ્રગતિ પ્રક્રિયાની સરખામણીમાં દૈવી વરદાન કહી શકાય.

જીવન એક બેધારી તલવાર છે જેને પ્રગતિ અને પતન બન્નેને માટે ઉપયોગમાં લઈ શકાય છે. દુર્ગુણો અને દુષ્કર્મો અપનાવીને મનુષ્ય, નર-પશુ અને નર-પિશાચ જેવી હલકી કક્ષાએ પહોંચી શકે છે અને નારકીય દુઃખો ભોગવીને તમામ સંપર્ક ક્ષેત્રને ઝેરી બનાવી શકે છે. એથી વિરુદ્ધ જે જીવનનો ઉત્કૃષ્ટતાથી સીંચે છે. સુસંસ્કૃત બનાવે છે અને મહાનતાની રીતિ-નીતિ અપનાવે છે, એમણે પોતાનું હર સમયે સૌભાગ્ય સમજવું જોઇએ. તેઓ અનુભવ કરે છે કે જીવન સાચે જ મનસ્વી વરદાનતા શિવ છે. એની છત્તરછાયામાં મનવાંછિત મનોરથો પ્રાપ્ત થવામાં કોઈ શંકા રહેતી – નથી એ વાત જૂદી છે કે પ્રગતિની આકાંશા રાખી છે  કે પતનની

### પરિવર્તન અનિવાર્ય અને અપરિહાર્ય

રાતનો અંત અને દિવસની શરૂઆત પ્રભાત કહેવાય છે. આ પરિવર્તન આશ્ચર્ય-અદ્ભૂત અને નવી સંભાવનાઓથી ભરેલું હોય છે. એટલા માટે ઊંઘણશી લોકોને એ અસુવિધાજનક અને નવીન જવાબદારીઓ લાદી મજબૂર કરવાવાળુ અને ભારે લાગે છે. આમ હોવા છતાં પણ એમને નવી સ્થિતિમાં, નવા પ્રવાહમાં વહેવું જ પડે છે. રાત્રી પાછી આવતી નથી અને દિવસ રોકાતો નથી પરિવર્તન પ્રમાણે તેને અનુરૂપ થયા સિવાય કોઈની સામે અન્ય કોઈ વિકલ્પ રહેતો નથી.

ગર્ભ અંધારી કોટડીમાં કશી જ આપત્તિ વિના પણ નિર્વાહ કરે છે, પરંતુ તેની વિકસિત સ્થિતિને કારણે સર્જનહાર તેને મુક્ત આકાશ અને ચોખ્ખા વાતાવરણમાં પ્રવેશ કરવાની સુવિધા આપે છે. પ્રગતિ ક્રમમાં પરિવર્તનની જરુરિયાત અનિવાર્ય છે અને પરિહાર્ય હોય છે. મા, બાળક, નર્સ અને કુટુંબના બીજાં બધાંયને સામાન્ય કાર્ય છોડીને પ્રસૂતિવેળાએ અસાધારણ જાગૃતિ અને તત્પરતા બતાવવી પડે છે. આમ હોવા છતાં પણ છેવટે પ્રસૃતિનું પરિણામ દરેકને માટે સુખપદ અને શ્રેષ્ઠ બની રહે છે.

યુગ પરિવર્તનની સંધિ વેળામાં ચાલી રહેલી અનુપયોગી ગળાઈ અને ઇચ્છિત ઢલાઈનો ઉપક્રમ ચાલી રહ્યો છે. એમાં મહાવરા વિનાની ટેવો પર ભારે ચોટ લાગી રહે છે અને દરેક વર્ગ અને રિવાજને પ્રચલનને નવી રીતિ નીતિ સ્વીકારવામાં ખીજ અને અસુવિધા જરૂર ઉત્પન્ન થાય છે, પરંતુ સર્જનહારની વિધિ-વ્યવસ્થાએ જે નવસર્જન કરવાનું નિર્ધારણ કર્યું છે એને અપનાવ્યા સિવાય અન્ય કોઈ રસ્તો નથી.

### સાધના – આત્મસત્તાની કરીએ

જીવનરૂપી કિંમત ભેટ મનુષ્યને હવાલે કરવા ઉપરાંત સર્જનહારે તેની ઉપર એક જવાબદારી પણ સોંપેલી છે કે તે પોતાનું ગૌરવ સમજે અને એને ટકાવી રાખવા પ્રયત્નશીલ રહે, કેમ કે જીવન એ એક પ્રત્યક્ષ કલ્પવૃક્ષ છે.

સાધનાથી સિદ્ધિનો સિદ્ધાંત સર્વવિદિત છે પરંતુ સાધના કોની? આ સમજવામાં ઘણું કરીને ભૂલ થઈ જતી હોય છે. જે દેવતાની આરાધના કરવાની મનવાંછિત ફળની પ્રાપ્તિ થાય છે એ દેવતા જીવન સિવાય અન્ય કોઈ હોઈ શકે નહીં.

ઉપાસ્ય નિર્ધારણમાં દૃષ્ટિભેદ હોઈ શકે છે, પરંતુ ઉપાસનાના તત્વજ્ઞાનને સમજી લેવામાં આવે તો એમાં સાર તત્વ એટલું જ છે કે, આત્મ પરિષ્કારનો દરેક સંભવિત ઉપાય અપનાવવામાં આવે. આ પુરુષાર્થમાં જે જેટલી પ્રગતિ કરે છે તેની ઉપર તેના ઉપાસ્યની કૃપા એટલા જ પ્રમાણમાં વરસે છે. ઉપાસ્યનું બહારનું કલેવર ગમે તે હોય, પરંતુ એનો આત્મા સાધકના આત્મા સાથે જોડાએલો રહે છે.

સાધના કોની ? ઉત્તર એક જ છે – આત્મ સતાની પોતાને સુધારીને જ પછી કોઈ પદાર્થ અને પરિસ્થિતિઓનો લાભ ઉઠાવી શકે છે. કુશળ માળી જ બાગને સુંદર બનાવીને યશસ્વી બનતો હોય છે. જીવન પરિષ્કાર માટે કરવામાં આવેલી સાધના એ તમામ સફળતાઓ સાથે હાજર થાય છે, જે ઋષિ સિદ્ધિના આકર્ષક અને આલંકારિક નામોથી ઓળખવામાં આવે છે. આ તથ્યને સમજવું જોઇએ કે સુસંસ્કૃત જીવનનું જ બીજું નામ કલ્પવૃક્ષ છે. જેણે એ પ્રાપ્ત કરી લીધું એને માટે કોઈ પણ મનવાંછિત વસ્તુને મેળવવાનું મુશ્કેલ રહેતું નથી.

## એકલો વૈભવ જ નહીં, વિવેક પણ

સાધનોનો સદ્ઉપયોગ કરી શક્વાવાળી બુદ્ધિને વખાણવામાં આવે છે, એ જ આધાર પણ મનુષ્ય આગળ વધે છે. ઊંચે ઊઠે છે, દરેક કંઈકને કંઈક ધન કમાય છે અને એની પાસે પહેલાનાં ભેગા કરેલા સાધનો હોય છે. પ્રશ્ન એક જ બાકી રહે છે કે તેથી ક્યાં સાધનોનો ક્યાં હેતુ માટે ક્યારે અને કેવી રીતે ઉપયોગ કર્યો ? એ વાતનું જરાય મહત્વ નથી કે કોણ કેટલું કમાયું અને કોણે કેટલું ઉડાવ્યું. બુદ્ધિમાનની પરીક્ષા એક જ છે કે જે હાથમાં આવ્યું એને ક્યાં હેતુ માટે ક્યાં દ્રષ્ટિકોણથી ખર્ચવામાં આવ્યું. આમ જોઇએ તો ચોર-લૂંટારા પણ ખૂબ જ સંપત્તિ પ્રાપ્ત કરવા જોવા મળે છે. ગૌરવ એ વાતમાં છે કે સાધનોનો સદ્ઉપયોગ થઈ શક્યો કે નહીં ? એને ઉચ્ચસ્તરીય પ્રયોજનોને માટે નિયોજિત કરવા માટેનો વિવેક રહ્યો કે નહીં?

વૈભવ સ્વોપાર્જિત છે. પૂર્વ પુણ્ય પરમાર્થ અથવા વર્તમાન કુશળતા અને પરાક્રમના આધારે તે મેળવી શકાય છે. એ પોતાની કમાણી સિવાય, ઈશ્વર દ્વારા પ્રાપ્ત થયેલાં વરદાન પણ મનુષ્યની પાસે ઓછા નથી. મહેનત, સમય, મસ્તક જેવાં સાધનો દરેકને ઘણું કરીને સમાન રૂપે પ્રાપ્ત થયેલ છે. આ ઉચ્ચસ્તરીય વૈભવનો સદ્ઉપયોગ કરી શકો એ પણ ભારે કુશતાભર્યું કામ છે. આ જ કૌશલ્યને દૂરદર્શી વિવેક કહેવામાં આવે છે. શ્રદ્ધા, પ્રજ્ઞા અને નિષ્ઠા એનાં જ નામ છે. “ઋતંભરા મેધા” ના નામથી તેનું અર્ચન, અભિવર્ધન કરવામાં આવે છે.

મનુષ્ય ન તો સંપત્તિની દૃષ્ટિએ કે ન વિભૂતિઓની દૃષ્ટિએ અસમર્થ છે. પ્રશ્ન માત્ર એટલો જ છે કે જે કંઈ પ્રાપ્ત થયેલું છે, એનો ઉપયોગ કેવી રીતે થયો ? જે આ પરીક્ષામાં પાસ થઈ ગયો એનો મનુષ્ય જન્મ સાર્થક થઈ ગયો એમ સમજવું જોઇએ.

**ઉત્કર્ષનો આધાર આકાંક્ષાઓ :** પ્રગતિની ઇચ્છા મનુષ્યનો એક સ્વાભાવિક ગુણ છે. બીજાં પ્રાણીઓ પણ ચેતનાવાળા હોય છે, પરંતુ આ વિશિષ્ટતા એક માત્ર મનુષ્ય સાથે જોડાયેલી છે. આ આકાંક્ષા જ મહત્વકાંક્ષા બને છે અને મનુષ્યને ભૌતિક અથવા આધ્યાત્મિક ક્ષેત્રમાં ક્રમશઃ ઉંચા પગથિયાં પર પહોંચાડતી જોઈ શકાય છે.

મહત્વાકાંક્ષાહીન ફક્ત બે જ શ્રેણીની વ્યક્તિ હોઈ શકે છે. મૂઢમતિ, જડતાથી ભરેલો મનુષ્ય અથવા સ્થિતિપ્રજ્ઞ-પરમહંસ. મૂઢ પોતાની જડતાને કારણે અને બ્રહ્મજ્ઞાની પોતાની દિવ્ય ચેતનાવશ સંસારિક મહત્વાકાંક્ષાઓથી બચીને રહે છે અને સંતોષની સાથે અલ્પ સાધનોમાં પણ ગુજારો કરી લે છે.

મૂઢમતિ જેને કદી જગત સાથે કોઈ સંબંધ નથી રહેતો તેનામાં તથા ઈન્દ્રિય લિપ્સીમાં રચ્યા પચ્યાં રહેતા પ્રાણીઓમાં કોઈ વિશેષ અંતર નથી. એક જ ઢબની જીંદગી જીવતાં આ પ્રાણીઓને નીચલી શ્રેણીમાં ગણવામાં આવે છે. એનાથી ઉંચુ સ્તર અહંતા- યશ, લાલચ પ્રધાન ભૌતિકવાદી દૃષ્ટિકોણવાળા મનુષ્યોનું હોય છે. ચર્ચાના વિષય બનવાની આકાંક્ષાવાળા આ સમૂહની બહુમતી સામાન્ય જનસમુદાયમાં ચારે તરફ જોઈ શકાય છે. લોભ અને અહંકારની પૂર્તિની આ વ્યગ્રતા તૃષ્ણા કહેવાય છે અને વધતા ઓછા પ્રમાણમાં ઘણા બધામાં જોઈ શકાય છે. આથી પણ ઉચ્ચકક્ષા અધ્યાત્મ પ્રધાન છે. ઉત્કૃષ્ટ આદર્શવાદિતાથી ભરેલી સદ્દભાવ સંપન્ન આકાક્ષાંઓ જ આત્મિક પ્રગતિનું માધ્યમ બને છે. મહત્વાકાંક્ષાઓનો આ વળાંક જ જીવનનો કાયાકલ્પ કરી દે છે. ગુણ કર્મ સ્વભાવમાં ઉત્કૃષ્ટતાનો સમાવેશ તથા લોકમંગલની ઇચ્છાથી જીવવામાં આવેલું જીવન મનુષ્યને માટે ઇષ્ટ છે, એને માટે જ એનો જન્મ થયો છે. કોણ, ક્યારે, કેટલાં પોતાની આકાંક્ષાઓના સ્તરને વળાંક આપી શકે છે, એની પર જ મનુષ્યની વાસ્તવિક પ્રગતિ નિર્ભર છે.

## પોતાને માત્ર જુઓ, સમજો, સુધારો જ નહી, પરંતુ ઉભારો પણ

બીજાને સહાય કરવી અને આવશ્યકતાનુસાર લેતા રહેવું-માનવી લોકવ્યવહારનો આધાર છે. આદાન પ્રદાનની વ્યવસ્થા સ્વીકારી જ આખો સંસાર ચાલી રહ્યો છે. પદાર્થો, વનસ્પતિ અને પ્રાણિઓની વચ્ચે આ પ્રક્રિયા વણથંભી ગતિએ ચાલવી જોઇએ શકાય છે. એ ટકાવી રાખવામાં, યોગદાન કરવાનું ઉચિત પણ છે અને લાભદાયી પણ.. છતાંય એમ માનીને ચાલવું જોઇએ કે આત્માવલંબન એ મુખ્ય તથ્ય છે. એને સ્વીકારવાથી નિભાવ થાય છે અને ભવિષ્ય બને છે.

બીજા પર આધારિત રહીને ન તો કોઈ પોતાનું અસ્તિત્વ ટકાવી શકે છે ન તો પ્રગતિ માર્ગે દૂર સુધી અગ્રેસર રહી શકે છે.

પૃથ્વીના ગુરુત્વાકર્ષણથી દરેક પરિચિત છે. તે દરેક વસ્તુને પકડે છે. અને પોતાના તરફ ખેંચે છે. માનવી સત્તાનું પણ એક ચુંબકત્વ છે. તે પોતાની સજાતીય વ્યક્તિઓ, વસ્તુઓ અને પરિસ્થિતિઓ માત્ર પકડતી જ નથી. પરંતુ ખેંચીનેય તે પોતાની નજીક બોલાવે છે. જે વ્યક્તિ જેવો હોય છે તેને પોતાનો સહધર્મી શોધવા વાર લાગતી નથી. જળાશયોનું પાણી અહીંતહીં વહેતું સમુદ્રમાં પહોંચી જાય છે. એટલું જ નહીં, સમુદ્ર પણ ચેનથી બેસતો નથી, પરંતુ જ્યાં જળાશય હોય છે ત્યાં પાણી પહોંચાડવા માટે પોતાના દૂત એવા વાદળોને મોકલે છે.

જેવી ઇચ્છા હોય તેને અનુરૂપ પોતાની પાત્રતા વિકસિત કરવી જોઇએ વિશ્વ વ્યવસ્થામાં એવો નિયમ છે કે ક્ષમતાને અનુરૂપ ઉપલબ્ધિઓ સરળતાપૂર્વક મળતી રહે. એને માટે બીજાના બારણાં ખખડાવવા કરતા એ વધારે સારું છે કે પોતાને માત્ર જોઇએ. સમજીએ, સુધારીએ જ નહીં પરંતુ ઉભારવાનો પણ પ્રયત્ન કરીએ- આ જ સફળતાનો રાજમાર્ગ છે.

## પરિવર્તન : પ્રગતિનું ચિન્હ

સ્થિરતા જડતાનું ચિન્હ છે અને પરિવર્તન પ્રગતિનું. સ્થિરતામાં નીરસતા અને નિષ્ક્રિયતા છે, પરંતુ પરિવર્તન નવું ચિંતન અને નવા અનુભવનો રસ્તો પ્રકાશિત કરતું રહે છે. જીવન પ્રગતિશીલ છે, માટે એમાં પરિવર્તન જરૂરી અને અનિવાર્ય હોય છે. પ્રગતીશીલ પરિવર્તનથી ડરતા નથી, પરંતુ તેનું સમર્થન કરે છે અને સ્વાગત પણ. આકાશમાં દરેક ગ્રહો ગતિશીલ છે, એનાથી એમનું ચુંબત્વ સ્થિર રહેશે છે અને એ આધારે એમનો મધ્યવર્તી સહકાર જળવાઈ રહે છે. જો તેઓ નિષ્ક્રિય બની જાય તો પોતાની ઊર્જા ગુમાવી બેસે. જે આગળ નથી વધતો તે સ્થિર પણ નથી રહી શકતો સ્થિરતા પર સંકટ આવતા જ પરિણામે વિનાશ જ બાકી રહે છે. એટલા માટે જીવનને ગતિશીલ રહેવું પડે છે. જે નિર્જીવ છે તે પણ ગતિહીન નથી જ

યુગ બદલાય છે. પરિવર્તન ક્રિયામાં આશા અને નિરાશાના પ્રસંગો આવે છે અને જાય છે રાત અને દિવસ, સ્વપ્ન અને જાગૃતિ, જીવન અને મરણ, ઠંડી અને ગરમી, નુકસાન અને લાભ, સંયોગ અને વિયોગનો અનુભવ વગેરે આમ તો લાગે છે પરસ્પર વિરોધી પણ છેવટે તો તે એક બીજા સાથે ગુંથાઈ રહે છે અને બમણા રસાસ્વાદનો આનંદ આપે છે ઋણ અને ધન ધારાઓનું મિલન જ વિજળીના સામર્થ્યભર્યા પ્રભાવને જન્મ આપે છે.

મુશ્કેલીઓ મનુષ્યને મજબૂત, જાગૃત અને સાહસિક બનાવે છે. અસુવિધાઓ ઉત્સાહ વધારે છે અને પ્રગતિ માટે સુવિધાઓ પ્રદાન કરે છે. એકાકી રહેવાથી બન્નેય અપૂર્ણ છે. પૂર્ણતાને માટે એવું કંઈક જોઈએ જેમાં આગળ વધવાનો ઉત્સાહ અને અવરોધ સામે ટકરાવાનું પરાક્રમ પ્રગટ થતું રહે.

## જેવું આપણું રૂપ, તેવું જ પ્રતિરૂપ

પ્રસન્નતાની શોધ ખાસ કરીને વસ્તુઓ, વ્યક્તિઓ, પ્રસંગો અને પરિસ્થિતિઓમાં જ કરવામાં આવે છે, પરંતુ હકીકતમાં એ ચિંતન અવાસ્તવિક છે. જો લોકમાન્યતા એવી રહી હોત તો જેની પાસે ખૂબ જ સાધનો છે અને જેને પ્રતિકૂળતાઓનો સામનો જ કરવો પડતો નથી તેઓ સદા આનંદિત અને સંતોષ જણાત એનાથી વિરૂદ્ધ જેની પાસે ઓછી સંપત્તિ છે, જે અભાવગ્રસ્ત પરિસ્થિતિઓમાં જીવી રહ્યા છે અને પ્રતિકૂળતાઓની વચ્ચે જીવન વિતાવી રહ્યા છે, તે બધા જ દુઃખી જણાત.

પ્રસન્નતા વિચારવાની એક પદ્ધતિ છે. એની સાથે વ્યક્તિઓનો દૃષ્ટિકોણ, સ્વભાવ અને વ્યવહાર જોડાએલો છે. વ્યક્તિત્વમાં ભળેલી શાલીનતાને સુસંસ્કારિતા કહેવામાં આવે છે. તે જેની પાસે જેટલા પ્રમાણમાં હોય છે એ મુજબ જ એને પ્રસન્ન રહેતા અને રાખતા જોવામાં આવે છે. જેને દોષ-દર્શન, અભાવ ચિંતન અને ખોટા આક્ષેપની ટેવ છે, તે દરેક પ્રકારની અનુકૂળતામાં રહેવા છતાંય પણ પોતાની દુર્ગતિનો જેના તેના પર પ્રયોગ કરશે જ. પરિણામે કાદવ ફેંકીને સાફ કપડાંને ગંદાં બનાવશે જ અને એ રીતે બધે જ મુશ્કેલીઓના દર્શન કરશે.

એ પણ થઈ શકે છે કે જો ચિંતનને ઉત્કૃષ્ટતાની દૃષ્ટિએ સુધારના આરોપણ માટે પ્રશિક્ષિત કરી લેવામાં આવે તો ચિત્ર કંઈક બીજું જ જોવા મળે.

ગુંબજનો અવાજ જઈને પાછો વળે છે, દડો જ્યાંથી ફેકવામાં આવે છે, ત્યાં જ પાછો આવે છે. આપણું પોતાનું અસ્થિત્વ જ જેની તેની સાથે ટકરાઈને સારી અથવા ખોટી એવી અનુભૂતિયો કરવો છે. એટલા માટે આ સંસરને દર્પણની ઉપમા આપવામાં આવે છે. આપણું સ્વરૂપ જેવું છે, તેવું જ પ્રતિબિંબ તેમાં દેખાય છે.

વૈભવની ખોટ નથી પણ જરૂર પૂરતું જ લો.

પક્ષીઓને જૂઓ. પશુઓને જુઓ. તેઓ સવારથી સાંજ સુધી એટલો જ ખોરાક મેળવે છે કે જેટલો એ પચાવી શકે છે. પૃથ્વી પર વિખરાયેલા ચારા-દાણાની કશી જ ઉણપ નથી, સવારથી સાંજ સુધી કંઈ જ ખોટ પડતી નથી. પરંતુ લે છે એટલું જ કે જેટલું મોં માગે છે અને પેટ પચાવે છે. પ્રસન્ન રહેવાની આ જ એક નીતિ છે.

જ્યારે એમને સ્નાન કરવાની ઈચ્છા થાય છે, ત્યારે મરજી મુજબના સમય સુધી સ્નાન કરતાં રહે છે. એટલો જ મોટો માળો બનાવે છે. જેમાં તેનું શરીર સમાઈ શકે. કોઈ એટલો મોટો માળો નથી બનાવતાં કે જેમાં તમામ સમુદાયને બેસાડવા કે સુવડાવવામાં આવે.

વૃક્ષ ઉપર જુઓ દરેક પક્ષીએ પોતાનો નાનો માળો બનાવ્યો છે. જાનવર પોતાને રહેવા યોગ્ય છાંયડાની ગોઠવણ કરે છે. તેઓ જાણે છે કે સર્જનહારે તેના સામ્રાજયમાં કોઈ જ વાતની ખોટ રાખી નથી. જ્યારે જેને જરૂર જણાય છે, ત્યારે તેને તે સહેલાઈથી મળી જાય છે. તો પછી સંગ્રહ કરવાની બીનજરૂરી જવાબદારી શા માટે ઉઠાવવામાં આવે. અરસપરસ લડવાની તકલીફ કેમ ઉઠાવવી પડે ? આપણે એટલું જ લઈએ, જેટલાની તાત્કાલિક જરૂરિયાત હોય.

આવું કરવાથી આપણે સુખ-શાંતિપૂર્વક રહીશુંય ખરા અને એને પણ રહેવા દઈશું જે એનાં હક્કદાર છે.

## આપણા અંતઃકરણમાં જ વિરાટનો વૈભવ

ઈશ્વર અચિંત્ય છે. વિસ્તનારની કલ્પના અને આરાધના કઠણ છે. પરંતુ અણુની અંદર રહેલી એ મહાન શક્તિસત્તાનો સરળ સાક્ષાત્કાર થઈ શકે છે. ટીપામાં સરોવરની તમામ વિશેષતાઓ મોજૂદ છે. બીજમાં વૃક્ષ અને શુક્રાણુંમાં પૂરેપૂરું વિશ્વ વિરાજમાન છે. પરબ્રહ્મની સમગ્ર સતાનું વિરાટ દર્શન કોઈક વિરલાને જ થાય છે, પરંતુ તેનું ઈષ્ટ દર્શન અંતરમાં પણ ઘણી સારી રીતે કરી શકાય છે. ફક્ત દર્શન જ નહીં, પરંતુ સઘન સંપર્ક અને મહત્વપૂર્ણ આપ-લેનો ઉપક્રમ પણ આ ક્ષેત્રમાં વધારે સરળતા અને સફળતાપૂર્વક થઈ શકે છે.

સોહ્મ, શિવોહ્મ, તત્વમસિ, અયમાત્મા બ્રહ્મ જેવાં તત્વદર્શી પ્રતિપાદનોમાં એ જ એકાત્મઅદ્વૈતનું પ્રતિપાદન છે જેને અપનાવીને કોઈ પણ પોતાને ઈશ્વરનો યુવરાજ હોવાની વરિષ્ઠતાને જાણી શકે છે. સૌરમંડળની તમામ સતા પરમાણુંના નાના વર્તુળમાં રહેલી છે.માનવી અંતરાલમાં સત્યં, શિવં, સુન્દરમ્ જણાય છે અને સત્, ચિત્ આનંદની અનેકાનેક વિભુતિઓના દર્શન થાય છે. યોગ્ય છે કે આપણે દિશાઓને સૂગંધથી ભરી દેનાર કસ્તૂરીને પોતાની નાભિમાં જ રહેલી જોઈએ. પોતાને સમજો, ઢંઢોળો, જગાડો, ઉભારો અને એવા યોગ્ય બનાવો કે એ એકમાં જ પારસ કલ્પવૃક્ષ અને અમૃતની હાજરીને ડગલે અને પગલે અનુભવ થતો રહે. માનવી પરાક્રમ, વિવેક, વગેરે ક્ષેત્રની પ્રગતિ પરથી પરખાઈ જાય છે.

## સમર્થ હોવા છતાં પણ અસમર્થ કેમ ?

જેટલા પોતાને સમજે છે એટલો તુચ્છ મનુષ્ય નથી. એ સૃષ્ટીની સર્વોત્તમ રચના છે. તે પ્રાણીઓનો મુગટમણી જ નથી, પરંતુ તેની ગતિવિધિયો પણ અસાધારણ છે. પ્રકૃતિની પદાર્થ સંપત્તિ તેના ચરણોમાં આળોટે છે. પ્રાણી સમુદાય તેના વશમાં રહે છે અને અનુચરની જેમ વર્તે છે. એની રચના એકલી અદ્દભૂત જ નથી, પરંતુ તમામ ઈન્દ્રિયોનું દરેક એક અવિરત આનંદ-ઉલ્લાસ દરેક જગ્યાએ ફેલાવતા રહેવાની વિશેષતા ધરાવે છે. આવું અદ્દભુત શરીર આ સૃષ્ટિમાં ક્યાંય પણ કોઈ જીવધારીના ભાગમાં આવેલું નથી.

મનનો વિભાગ એથીય વધારે વિલક્ષણ છે જ્યાં બીજા પ્રાણીઓ પોતાના જીવનનિર્વાહ સુધીનું જ વિચારી શકે છે, ત્યાં માનવી મસ્તક ભૂત-ભવિષ્યનો તાલમેળ બેસાડીને વર્તમાનનો શ્રેષ્ઠતમ ઉપયોગ કરી શકવા માટે સમર્થ છે. જ્ઞાન અને વિજ્ઞાનની બે પાંખો એને એવી મળેલી છે કે જેના આધારે તે લોક લોકાંતરોનું પરિભ્રમણ કરવા અને દિવ્યલોક સુધી પહોચવાનો અધિકાર પ્રાપ્ત કરવા પણ સમર્થ છે.

આ સર્વ હોવા છતાં પણ પોતાની જાતને તુચ્છ માનવી એ એક મોટી મુશ્કેલી છે. આત્મવિશ્વાસના અભાવને કારણે આ દુર્ભાવ્ય તેની પર સવાર થયેલું જણાય છે. પોતાના ઉપર વિશ્વાસ ન કરી શક્વાને કારણે તે સમસ્યાઓને હલ કરવામાં, મુશ્કેલીઓથી બચવામાં અને સુખદ સંભાવનાઓને પ્રાપ્ત કરવામાં બીજાનો સહારો શોધે છે. એવા નવરા બીજા ક્યાંથી હોય કે જે આપણી મદદ માટે દોડે ? વાત ત્યારે જ બને છે જ્યારે મનુષ્ય પોતાના પગ ઉપર ઉભો રહે છે, પોતાની જ ક્ષમતાઓ ઉપર ભરોસો કરે છે અને પોતાનાં જ સાધનો તેમજ સમજણની મદદથી આગળ વધવાનો પ્રયત્ન કરે છે. એ સારી રીતે સમજી લેવું જોઈએ કે આત્મવિશ્વાસ સંસારનું મોટામાં મોટું બળ છે. એક શક્તિશાળી ચુંબક છે જેના આકર્ષણથી અનુકુળતાઓ જાતે જ ખેંચાતી ચાલી આવે છે.

### સંગઠિત પ્રયાસોનુ મહત્વ

અસુરતા હંમેશા શરૂઆતમાં જીતી જાય છે એનું કારણ એ નથી કે દુષ્ટતાની શક્તિ વધારે છે. પ્રકાશથી વધારે સમર્થ અંધારું હોઈ જ ન શકે. સત્ય દેવત્વની સાથે છે, તેવી બળવાન અને વિજયી એણે જ બનવું જોઈએ. છતાંય આશ્ચર્ય એ વાતનું છે કે દેવાસુર સંગ્રામમાં પ્રથમ દેવતાઓ જ હારી ગયા છે અને ભાગ્યા છે.

આ વિસંગતતાની પાછળ એક જ તથ્ય છે કે દેવતાઓ સંગઠિત બન્યા નહીં, હળીમળીને કામ કરવાનુ શીખ્યા નહીં. વ્યક્તિગત વિલાસમાં ડૂબેલા રહ્યા અને પોતાની એકલાની જ પ્રગતિનું વિચારતા રહ્યા.

આ એકાકી ચિંતનમાં તેમને સ્વર્ગમુક્તિ, સિદ્ધિ, પૂજા-પ્રતિષ્ઠા જેવા લાભો તો જરૂર મળ્યા જ છે, પરંતુ તે પ્રખરતાની દૃષ્ટિએ દુર્બળ બનતા ગયા અને અસુરતાના સંગઠિત આક્રમણ અને અનાચારનો સામનો કરી શક્યા નહીં. અસુરોની શરૂઆતની સફળતાનું આ નિરીક્ષણ છે. અગર દેવતાઓએ શરૂઆતમાં જ અસુરો જેવું સંગઠન અને હળીમળીને વિચારેલી એક જ યોજનાનું મહત્વ સમજી લીધું હોત ધ્યાન રાખ્યું હોત તો એ દુર્ગતિનું કષ્ટ અને અપયશનો ટોપલો ન ઓઢત કે જેની ચર્ચા સાભળવા માત્રથી આદર્શવાદિયોનું મન સંકુચિત બને છે.

દેવાસુર સંગ્રામમાં દેવો વિજયી ત્યારે બન્યા છે જયારે તેઓ હળીમળીને બ્રહ્માજી પાસે પહોંચ્યા અને એક જ અવાજે વાત કરી છે. અસુર હણનારી દુર્ગાનો પ્રાદુર્ભાવ બ્રહ્માજી વડે દેવતાઓની સંયુક્ત શક્તિ એકઠી કરીને કરવામાં આવેલો હતો. આજે પણ દેવત્વને જીતવું જ છે તો પહેલાના ઈતિહાસમાંથી શિક્ષણ પ્રાપ્ત કરીને સંગઠિત પ્રયાસોની ગરીમાને સમજવી જોઈએ.

## પ્રતિકુળતાઓ જીવનને પ્રખર બનાવે છે.

આગ સિવાય રસોઈ બનતી નથી, શરદી દૂર થતી નથી કે ધાતુઓને ગાળવી કે ઢાળવી એ શક્ય બનતું નથી. આદર્શોની પરિપકવતાને માટે એ જરૂરી છે કે એના પ્રત્યે નિષ્ઠાને ઉંડાઈને કસોટી પર કસીને ખરા ખોટાની યથાર્થતાને સમજવામાં આવે. તપાવ્યા સિવાય સોનાને સાચું ક્યાં ગણવામાં આવે છે ? એની યોગ્ય કિંમત ક્યાં મળે છે ? આ તો પ્રારંભિક કસોટી છે.

મુશ્કેલીઓને કારણે પેદા થયેલી અસુવિધાઓને દરેક જાણે છે. એટલે એનાથી બચવાનો પ્રયત્ન કરે છે. આ પ્રયત્ન કરવા માટે મનુષ્યને દૂરદર્શિતા સ્વીકારવી પડે છે, તથા હિંમતનો આશરો લેવો પડે છે અને એવા ઉપાયો શોધવા પડે છે કે જેના સહારે વિપતિઓથી બચવું સંભવિત થઈ શકે. મનુષ્યને યથાર્થવાદી અને સાહસિક બનાવવાવાળી આ જ બુદ્ધિમતા છે. જેણે મુશ્કેલીઓમાં પ્રતિકૂળતાઓને અનુકૂળતામાં બદલવા માટે પરાક્રમ ન દાખવ્યું, એણે સમજવું જોઈએ કે તેને સુદ્રઢ વ્યક્તિત્વ નિર્માણ કરવાનો સારો અવસર જ ન મળ્યો.

કાચી માટીમાંથી બનેલાં વાસણ પાણીનાં ટીપાં પડતાં જ અગોળી જાય છે, પરંતુ જે નિભાડાની આગને લાંબા સમય સુધી સહન કરે છે, તેની સ્થિરતા અને શોભા અર્થાત્ તેનું આયુષ્ય અને સુંદરતા ઘણી વધી જાય છે.

તલવારને ધારદાર બનાવવા માટે ઘસવામાં આવે છે. બધી જ ધાતુઓ જમીનમાંથી કાચી જ કાઢવામાં આવે છે. એનુ શોધન ભઠ્ઠી સિવાય બીજા કોઈ ઉપાયથી સંભવિત નથી. મનુષ્ય કેટલો વિવેકવાન, સિદ્ધાંતવાદી અને ચરિત્રનિષ્ઠ છે એની પરીક્ષા મુશ્કેલીઓ માંથી પસાર થઈ આ તપ-તિતીક્ષામાં પાક્યા પછી જ થાય છે.

### જીવન સંગ્રામનું અનિવાર્ય સોપાન પરિવર્તન

પરિવર્તન પ્રક્રિયાથી જેઓ ભય પામતા નથી એમને પ્રગતિશીલ ગણવામાં આવે છે. એ લોકો સારી રીતે સમજે છે કે સ્થિરતા એ જ જડતા છે નીરસતા છે નિષ્ક્રિયતા છે. જે આગળ નથી વધતો એ નવું ચિંતન અને નવા અનુભવોનું સ્વાગત નથી કરતો તે પોતાની ઉર્જા-શક્તિ ગુમાવી બેસે છે. પ્રગતિ માર્ગે આગળ ધપતા લોકોએ, તે વખતે ભૂતકાળને ભૂલી ભવિષ્યને સ્વીકારવું પડે છે, પ્રતિકૂળતાઓ  સામે ટકરાવા માટેની મનઃસ્થિતિ બનાવવી પડે છે. જે ગતિશીલ છે., એનામાંથી જીવન છે, પ્રાણ છે. સફળતાની તમામ સભાવનાઓ એમાં હાજર રહેલી છે. જે જીવતા હોવા છતાંય પરિવર્તનથી ડરતા રહે છે, તે પ્રાણહીન નિસ્તેજ છે – મડદા સમાન છે.

રાત અને દિવસ, શિયાળો અને ઉનાળો, લાભ અને નુકસાન, મિલન અને વિયોગની જેમ માનવીના જીવનમાં કેટલાય પરિવર્તન ક્રમ આવે છે. પરસ્પર વિરોધી જણાતી હોવા છતાંય તે એક બીજાની સાથે ગૂંથાએલી-અવિચ્છિન્ન જેવી છે. યુગ બદલાય છે તો આખા સમુહને પ્રભાવિત કરે છે. તેમાં સર્જન અને વિનાશનું જોડુ હોવા છતાંય તેનું પરિણામ સુખકારક હોય છે. તોફાન જ્યારે આખા વાતારવણને ડહોળી નાખે છે તો તેની સાથે વરસાદના ફોરાં પણ આવી જતાં હોય છે. મનુષ્યનું વ્યક્તિગત અને સામુહિક જીવન આવાં જ પરિવર્તનોથી ભરેલો સમુચ્ચય છે. તેનું આગમન માનવ સમુદાયને સજાગ, સાહસી અને ચોકિદાર બનાવવા માટે હોય છે.

માનવી ગૌરવ એમાં જ છે કે મુશ્કેલીઓ, કસોટીઓ, અને પરિવર્તનોના પ્રગતિપથ પર આગળ થવા માટે સ્વાગત કરવામાં આવે. એનાથી ડરીને જે તે સ્થિતિને સ્વીકારવી એ તો કાયરતા છે. જીવન સંગ્રામમાં એ જ લોકો સફળ થાય છે, જે પરિવર્તનોને પ્રગતિનો વિકલ્પ માનીએ તેને હસીને સ્વીકારે છે-ગળે લગાડે છે.

### અધ્યાત્મક્ષેત્રની સફળતાનો સુનિશ્ચિત માર્ગ

અધ્યાત્મનો એક પક્ષ છે – યોગ, અને તપ. બીજો છે પુણ્ય પરમાર્થ. બન્નેની સંયુક્ત શક્તિ વડે જ સમગ્ર શક્તિ ઉત્પન્ન થઈને ચીર સફળતાની પૃષ્ઠભૂમિ બને છે.

એક પૈડાની ગાડી ક્યાં ચાલે છે ? એક પગથી લાંબી મુસાફરી કરવી અને એક જ હાથ વડે તલાવર ચલાવતાં જીતવાની વાત ક્યાં બને છે ?

યોગનું તાત્પર્ય છે, ભાવના, આકાંક્ષા અને વિચારણાને ઉત્કૃષ્ટતા સાથે જોડી દેનાર ચિંતન પ્રવાહ. તપનો અર્થ છે-સંયમ, અનુશાસન, પરિશોધન, સાહસ અને અનુચિત સાથે સંકલ્પયુક્ત સંઘર્ષ. જો આટલું જ થઈ શકે તો સમજવું જોઈએ કે આત્મોકર્ષ માટેનો સુનિશ્ચિત આધાર ઉભો થઈ ગયો અને આત્મબળનો ભંડાર ભરાઈ ગયો તેમજ વ્યક્તિ સર્વ સમર્થ સિદ્ધ પુરુષ મહામાનવ બની ગઈ.

આ મેળવેલી આત્મશક્તિનો ઉપયોગ વિલાસ, વૈભવ, યશ-સન્માન માટે કરવાનો નિષેધ છે. એને તો ઈશ્વરના ખેતરમાં બીજની જેમ વાવવાનો અને હજાર ઘણો બનાવવાનો વિચાર કરવો જોઈએ. આ છે પુણ્ય પરમાર્થનો રસ્તો.

સાધુ બ્રાહ્મણ, યોગી યતી આજીવન લોકમંગળનાં કાર્યોમાં પોતાની ક્ષમતાનો ઉપયોગ કરતા રહે છે આ છે. સમગ્રતાનો માર્ગ. જે કોઈ પણ સાધક આ અધ્યાત્મ તત્વદર્શનના સિદ્ધાંત અને વિજ્ઞાનને સમજશે, તે આ ક્ષેત્રમાં ખૂબ જ સફળતા મેળવી શક્વામાં સમર્થ બનશે, એ નક્કી જ છે. નિરાશા તો ભ્રમિતને, ભટકાવમાં પડવાવાળાને, ટૂંકા રસ્તા શોધવાવાળાઓને હેરાન કરે છે.

## જ્ઞાનની મહત્તા કર્મની સાથે જ

જ્ઞાનનું પોતાનું આગવું મહત્વ છે, તેને પચાવવા કર્મ જોઈએ જ નહીં તો અપચો ઉત્પન્ન કરશે. "સબસે ભલે વિમૂઢ છિનહિં ન વ્યાપહિં જગત ગતિ" વાળી કહેવતમાં એટલા માટ સાર્થકતા રહેલી છે કે અજ્ઞાની જાનવરની જેમ પેટ પ્રજનન પૂરતા જ મર્યાદિત રહીને પોતાનો નિર્વાહ આનંદપૂર્વક કરી લે છે, પરંતુ જ્ઞાનીનું અંતઃકરણ અને વિવેક જાગૃત થવાથી તે ભૂખ ઉત્પન્ન કરે છે અને તેની પૂર્તિ ન થાય તો તે આત્મ પ્રતાડનાના રૂપમાં ધમાલ મચાવે છે. આને જ જ્ઞાનદંડ કહેવામાં આવે છે. જેવી રીતે ધનનો સદુપયોગ અને રક્ષણ થઈ શકે નહીં તો તે અનેક પ્રકારની મુશ્કેલીઓ પેદા કરે છે અને ગરીબાઈ કરતાં પણ વધારે મુશ્કેલી પરિસ્થિતિમાં મૂકી દે છે.

આ જ વાત જ્ઞાન સંપત્તિની બાબતમાં લાગુ પડે છે. જો એને કર્મના રૂપમાં બદલવાનો અવસર ન મળે તો તે સંગ્રહકર્તાને હેરાન કરી મૂકે છે.

ફક્ત સંચય તો એક પ્રકારનું વ્યસન છે. આને જ બુદ્ધિવિલાસ કહેવામાં આવે છે. વાસ્તવમાં આને નિંદનીય તો નથી ગણવામાં આવતું. પરંતુ સાર્થકતા ત્યારે જ ગણવામાં આવે કે જ્યારે તે કર્મમાં બદલાય. જો એમ ન બને તો જ્ઞાન અને કર્મની વિસંગતિ ઉલટી અંતદ્વંદ ઉભો કરી દે છે.

નીતિકારે બરાબર જ કહ્યું છે કે "યસ્તુ મૂઢતમં લોકે યસ્તુ બુદ્ધિ પરંગતા – ઉભૌ તૌ સુખ મશ્નુતે માન્યૈવમિતરોજના" અર્થાત્ સંસારમાં બે જ જણ સુખી રહે છે. એક 'મૂઢ' અને બીજો -'પારંગત બુદ્ધિવાળો' બાકીના બધા જ દુઃખી જણાય છે. મૂઢ એ છે કે જે પેટ પ્રજનન સિવાયની વાત કદીય વિચારતા નથી. પારંગત બુદ્ધિવાળા એ છે જે કર્મમાં બુદ્ધિનો ઉપયોગ કરી વિચારની સંપત્તિના આધારે મળવાવાળી રિદ્ધિ-સિદ્ધિને પ્રાપ્ત કરી,

પૂર્ણતાના લક્ષ્ય સુધી પહોંચે છે, આવી જ વ્યક્તિઓ શ્રેય-સન્માન મેળવે છે. સમાજ એમને જ પોતાના માર્ગદર્શન ગણે છે. આપણે દરેક એ શ્રેણીમાં પહોંચવા તૈયાર રહેવું જોઈએ.

## સમષ્ટિ સાધનાનું તત્વદર્શન

ઈશ્વર સ્મરણને બ્રહ્મવિદ્યા અથવા તત્વદર્શન કહેવામાં આવે છે. પ્રભુ અથવા ભગવાનને યોગ્ય શબ્દથી સંબોધવા હોય તો પરમાત્માના નામથી પોકારી શકાય છે.

આ મહાતત્વને આત્મસાત્ કરવાનું જ બ્રહ્મવિદ્યાનું લક્ષ્ય હોય છે. એ પરમને વ્યાપકના ઉત્કૃષ્ટતાએ બેનામથી સમજી શકાય છે. પરમાત્માની વ્યાપક્તા જેટલી એના અંશ મનુષ્ય માટે સમજવા અને વિચારવા યોગ્ય છે, એને જ સમષ્ટિ કહેવામાં આવે છે. આ જ વિરાટ છે. આનું જ દિગ્દર્શન અર્જુનને, યશોદાને અને કૌશલ્યાને જ્ઞાનચક્ષુઓ વડે કરાવવામાં આવ્યું હતું. ‘સ્વ’ નો ‘પર’ ની સાથે એક્તાનો ભાવ વિકસિત બન્ને આ જ વિરાટદર્શનનું સારતત્વ છે.

ઉત્કૃષ્ટતા પરમનો બીજો પર્યાય છે, અર્થાત્ ભાવના અને વિચારણામાં શ્રેષ્ઠતાની પસંદગી, સદ્દભાવના, સદ્દવિચારણા, સત્પ્રવૃતિ અપનાવવી આદર્શોનું પાલન કરવું એ જ પરમાત્માની ઉપાસનાનું લક્ષ્ય છે. આ ભાવ આ શબ્દોથી ઉત્પન્ન થાય છે. ટૂંકમાં ભગવાનને સત્પ્રવૃત્તિઓનો સમુદાય કહી શકાય. વ્યક્તિગત જીવનમાં ગુણ કર્મ સ્વભાવમાં જે જેટલી સત્પ્રવૃતિઓનો સમાવેશ કરે છે એ એટલા જ પ્રમાણમાં ઈશ્વરપરાયણ સમજી શકાય છે. સમાજમાં સત્પ્રવૃતિઓ વધારવી, દુષ્પ્રવૃત્તિઓ દૂર કરવાનો પ્રબળ પુરુષાર્થ કરવો અને એને માટે પોતાને યોગ્ય બનાવવા એ પરમાત્માની વિશ્વામાની વિરાટની આરાધના જ છે.

જો એ મહાનની સાથે પોતાની ક્ષુદ્રની ઘનિષ્ટના ઈષ્ટ છે અને તે પ્રમાણે બનવા માટે ચીર પ્રગતિ સૂધી પહોચવાનો ઉમંગ અંતઃપ્રેરણાની રૂપે જાગે, તો પછી પૂજા ઉપચારની ઉંચે ઉંઠીને પરમાત્માની બાબતમાં યથાર્થવાદી નિર્ણય અપનાવવો જોઈએ. આ જ યોગ સાધના છે, યુગને અનુરૂપ ઉપાસના આરાધના છે.

## માનવોચિત સાચો પુરૂષાર્થ

વધારે ભોગવવાની લાલસમાં બંધાશો નહીં, એટલું બધું ન ઈચ્છશો કે જે સર્વ સાધારણને મળી શક્તું નથી. આ પ્રયત્નમાં નુકસાન છે ખોટ જ ખોટ છે. પ્રકૃતિ કોઈને પણ એની મર્યાદાથી વધારે સંગ્રહ કે ઉપયોગ કરવા દેતી નથી.

વૈભવ મેળવવા અને તેનો હદ બહારનો ઉપયોગ કરવાની લાલચ વ્યક્તિને કેટલી પરેશાની કરાવે છે, એનું દૃશ્ય એવા લોકોની શરૂઆત અને અંતને જોઈને જ અનુભવી શકાય છે. એવી શી જરૂર છે કે એનો પ્રયોગ અનુભવ આપણા માટે જ કરીએ ? કાંટાળા માર્ગ ઉપર ચાલનારાના પગ કેવી રીતે લોહી લુહાણ થાય છે એ બીજાને તેવું કરતા જોઈને કે એને પૂછીને પણ જાણી શકાય છે. પછી શા માટે દરેક મુશ્કેલી અપનાવીને એનો ત્રાસ સહન કરવામાં આવે.

મનુષ્ય જન્મનો કીંમતી અવસર હાસ્યાસ્પદ ભરણ પોષણમાં ગુમાવી દેવામાં આવે, એમાં કોઈ જ ડહાપણ નથી. જેઓ ખૂબ કમાયા અને ખૂબ ઉડાવ્યુ. એમનો અંતરાત્મા શું કહે છે અને લોકોનો તિરસ્કાર કેટલો સહેવો પડે છે ? એ આપણી આજુબાજુ જોવામાં આવતાં ઉદાહરણોથી પણ જાણી શકાય છે.

આ સુયોગના સદુપયોગ માટે અનેક પ્રયોજનો સામે હાજર રહેલાં છે. એમની સામે કેમ ધ્યાન આપવામાં આવે નહીં ? શા માટે આવો માર્ગ ન અપનાવવામાં આવે કે જેને અનુસરીને બીજાને શ્રેય અને સન્માન પ્રાપ્ત થઈ